પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૧૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૫-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ૩ કલાકમાં જ ૧૬.૨ કરોડ શેરમાંથી ૫ કરોડથી વધુનું બીડિંગ, પોલિસીહોલ્ડર્સનો ક્વોટા ઓવરસબ્સ્ક્રાઈબ થયો




મુંબઈ,

એલઆઈસીના આઈપીઓ બુધવારે ખુલતાની સાથે જ બમ્પર ઓપનિંગ થયું છે. દેશનો અત્યાર સુધીનો સૌથી મોટો આઈપીઓ સવારે ૧૦ વાગ્યે સબ્સક્રિપ્શન માટે ખુલ્યો અને તે માત્ર બે કલાકમાં જ ૩૬ ટકા સબ્સક્રાઈબ થયો હતો. પોલિસી હોલ્ડર્સ માટે રિઝર્વ રાખવામાં આવેલો (કુલ શેર્સનો ૧૦ ટકા) હિસ્સો ઓવરસબ્સક્રાઈબ થયો છે. તેનો અર્થ એ છે કે આ ક્વોટા અંતર્ગત ૧.૨૦ ગણી બોલી લગાવવામાં આવી છે. એમાં ૧૬,૨૦,૭૮,૦૬૭ શેર વેચાણ માટે મૂકવામાં આવ્યા છે અને અત્યારસુધીમાં લગભગ ૪ કરોડ શેર્સ માટે બોલી મળી ગઈ છે. કર્મચારીઓ માટેના રિઝર્વ હિસ્સામાંથી ૪૩ ટકા, પોલિસીહોલ્ડર્સમાંથી ૮૯ ટકા અને રિટેલ રોકાણકારોમાંથી ૨૮ ટકા હિસ્સો સબ્સ્ક્રાઈબ થયો છે, એમાં ૯ મે સુધી પૈસા રોકવાની તક મળશે. કંપનીના શેર આઈપીએ બંધ થવાના એક સપ્તાહ પછી ૧૭ મેના રોજ શેરબજારમાં લિસ્ટેડ થશે. કેન્દ્ર સરકારને એલઆઈસીના આઈપીઓમાંથી ૨૧,૦૦૦ કરોડ રૂપિયા એકઠા થવાની આશા છે.આઈપીઓ અંતર્ગત સરકાર કંપનીમાંથી પોતાના ૨૨.૧૩ કરોડ શેરનું વેચાણ કરી રહી છે અને એના માટે કિંમત ૯૦૨થી ૯૪૯ રૂપિયા પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે.

રિટેલ રોકાણકારો માટે એલઆઈસી આઈપીઓમાં ત્રણ કેટેગરી નક્કી કરવામાં આવી છે. પોલિસીધારક, એલઆઈસી કર્મચારી અને સામાન્ય રોકાણકાર. સામાન્ય રોકાણકારોના મનમાં એપ્લાય કરતાં પહેલાં જ ઘણા સવાલ છે કે તેમણે આ આઈપીઓમાં એપ્લાય કરવા માટે કેટલા રૂપિયા રોકવા પડશે.

તમારી પાસે એલઆઈસીની પોલિસી છે, એટલે કે તમે પોલિસીહોલ્ડર છો તો તમને આઈપીઓમાં રિઝર્વેશનની સાથે-સાથે પ્રાઈસમાં ડિસ્કાઉન્ટ પણ મળશે. એલઆઈસી પોલિસીહોલ્ડરને આઈપીઓમાં ૧૦ ટકા રિઝર્વેશન મળશે. આ સિવાય પોલિસીહોલ્ડર માટે આઈપીઓમાં પ્રતિ શેર ૬૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળશે.

જો તમે એલઆઈસીના પોલિસીહોલ્ડર્સ છો તો આઈપીઓના એક લોટ માટે તમારે કેટલા રૂપિયા રોકવા પડશે એ અંગે જાણીએ.એલઆઈસીના આઈપીઓનું પ્રાઈસ બેન્ડ ૯૦૨ રૂપિયાથી ૯૪૯ રૂપિયાની વચ્ચે છે અને ૧૫ શેરનો એક લોટ છે. જો તમે પોલિસીહોલ્ડર છો તો તમે પોલિસીહોલ્ડર કોટામાંથી આઈપીઓ માટે એપ્લાય કરી શકો છો. પછી પ્રાઈસ બેન્ડના હિસાબથી (૯૪૯-૬૦=૮૮૯□૧૫= ૧૩,૩૩૫ રૂપિયા) એટલે કે ૧૩,૩૩૫ રૂપિયા રોકવા પડશે. આ રીતે પોલિસીહોલ્ડરને એક લોટના આઈપીઓમાં એપ્લાય કરવા પર કુલ ૯૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળશે.

એલઆઈસીના કર્મચારીઓને આ આઈપીઓમાં એપ્લાય કરવા પર ૪૫ રૂપિયા પ્રતિ શેરનું ડિસ્કાઉન્ટ મળશે, એટલે કે અપર પ્રાઈસ બેન્ડના હિસાબથી તેમણે એક લોટની એપ્લિકેશન પર ૧૩૫૬૦ રૂપિયા આપવા પડશે. રિટેલ રોકાણકાર અને એલઆઈસી કર્મચારીઓને એક લોટ પર એપ્લાય કરવા પર ૬૭૫ રૂપિયાની બચત થશે.

જો તમે પોલિસીહોલ્ડર્સ અને કર્મચારી નથી તો પછી તમારે પ્રાઈસ બેન્ડ મુજબ ૧૪૨૩૫ રૂપિયા રોકવા પડશે. આઈપીઓની ઈસ્યુ સાઈઝ ૨૧,૦૦૦ કરોડ રૂપિયા છે અને આઈપીઓ દ્વારા લગભગ ૨૨.૧૪ કરોડ શેર વેચવામાં આવશે. જ્યારે તમે આઈપીઓ માટે એપ્લાય કરશો તો તમને રિટેલ ઈન્વેસ્ટર કેટેગરીમાં ત્રણ ઓપ્શન મળશે. એનું યોગ્ય સિલેક્શન કરો.

જો તમે એલઆઈસીની પોલિસી ધરાવો છો તો પોલિસીહોલ્ડરની કેટેગરીને પસંદ કરો. આ કેટેગરીને પસંદ કરવા પર તમને એલઆઈસી આઈપીઓમાં ૧૦ ટકાનું રિઝર્વેશન મળશે. આ સિવાય આઈપીઓમાં પ્રતિ શેરદીઠ ૬૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળશે.બીજો ઓપ્શન જો તમે એલઆઈસીના કર્મચારી છો તો તમારે ઈર્દ્ધ્ર્ઞ્અીની કેટેગરી પર ક્લિક કરવું પડશે.એલઆઈસીના કર્મચારીઓને આ આઈપીઓમાં એપ્લાય કરવા પર ૪૫ રૂપિયા પ્રતિ શેર ડિસ્કાઉન્ટ મળશે.

જો તમે એલઆઈસી પોલિસીહોલ્ડર કે કર્મચારી નથી તો તમારે સામાન્ય કેટેગરી એટલે કે ત્રીનું સિલેક્શન કરવું પડશે. આ કેટેગરીમાં એપ્લાય કરવા પર એક લોટ આઈપીઓ દ્વારા તમને અપર પ્રાઈસ બેન્ડના હિસાબથી કુલ ૧૪૨૩૫ રૂપિયા આપવા પડશે. આ આઈપીઓ દ્વારા સરકાર એનો ૩.૫ ટકા હિસ્સો વેચવાની છે અને ૨૧ હજાર કરોડ રૂપિયા એકત્રિત કરવાની છે. આ રીતે તે ભારતનો સૌથી મોટો આઈપીઓ બનશે. ઉલ્લેખનીય છે કે સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વિનિવેશથી ૬૫ હજાર કરોડ રૂપિયા એકત્રિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

## આરબીઆઈએ બે વર્ષ બાદ રેપો રેટમાં વધારો કર્યો,હોમ, ઓટો સહિત તમામ પ્રકારની લોન મોંઘી થશે




મુંબઈ,

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે આજે મોટો ઝટકો આપ્યો છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે આજે બે વાગ્યે મીડિયાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન શક્તિકાંત દાસે રેપો રેટમાં વધારો કરવાની જાહેરાત કરી છે. રેપો રેટમાં એક સાથે ૪૦ બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ રેપો રેટ વધીને ૪.૪૦ ટકા થયો છે. રેપો રેટ વધવાની સાથે જ હવે તમામ પ્રકારની લોન મોંઘી થશે. અમેરિકા તરફથી વ્યાજદરમાં વધારાની જાહેરાત પહેલા આરબીઆઈનું આ પગલું ભારતીય શેર બજારને હેરાન કરનારું છે. બીજી તરફ આરબીઆઈના ગવર્નરનું કહેવું છે કે મોંઘવારી પર કાબૂ મેળવવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. આરબીઆઈએ છેલ્લે ૨૨ મે, ૨૦૨૦ના રોજ પૉલિસી રેટમાં ફેરફાર કર્યો હતો. જે બાદ હવે રેપો રેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આરબીઆઈર મૉનેટરી પૉલિસીની અંતિમ બેઠકનું પરિણામ આઠમી એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં આરબીઆઈએ રેપો રેટ યથાવત રાખ્યો હતો.

રેપો રેટ એટલે સામાન્ય ભાષામાં વ્યાજનો રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા જે દરે દેશની તમામ બેંકોને લોન આપે તે વ્યાજનો દર. આ દર ઘટે તો બેંકોને ફાયદો થાય કારણ કે તેમણે આરબીઆઈને ઓછું વ્યાજ ચૂકવવું પડે. જો આ દર વધે તો બેંકોએ આરબીઆઈને વ્યાજનો ઊંચો દર ચૂકવવો પડે.

રેપો રેટ વધે તો દેશમાં વિવિધ પ્રકારની લોનના વ્યાજના દરમાં વધારો થઈ શકે.ઈએમઆઈના વ્યાજ દર વધી શકે અને સામાન્ય માણસનું બજેટ ખોરવાય. જો રેપો રેટ ઘટે તો બેંક પોતાના વ્યાજના દર ઘટાડી શકે, હોમ લોન સહિતની કેટલીક લોન સસ્તી થઈ શકે. પરંતુ આ લોનના દર ઘટાડવા કે નહીં તે બેંક પર આધારિત હોય છે.

રિવર્સ રેપો રેટ એટલે વ્યાજનો એ દર જે આરબીઆઈ બેંકો પાસેથી વ્યાજે પૈસા લે અને તેમને વ્યાજનો જે દર ચુકવે તે. સામાન્ય સંજોગોમાં આરબીઆઈ દેશમાં નાણાના પુરવઠાની સપ્લાયને કંટ્રોલ કરવા માટે રિવર્સ રેપો રેટનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. રિવર્સ રેપો રેટ વધે તો બજારમાં નાણાનો પુરવઠો ઘટી શકે છે. જ્યારે રિવર્સ રેપો રેટમાં વધારો થાય ત્યારે કોમર્શિયલ બેંકોને આરબીઆઈ તરફથી વધારે વ્યાજ મળે. આ સ્થિતિમાં પણ બેંકો પોતાના નાણા આરબીઆઈને ધીરે અને બજારમાં નાણાનો પુરવઠો ઘટી શકે છે.

## રશિયા આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં અમેરિકા સાથેની સંશોધન ભાગીદારી તોડશે

મોસ્કો

યુક્રેન અને રશિયાના યુધ્ધમાં ખરી લડાઈ તો રશિયા અને અમેરિકા જ લડી રહયા છે. યુક્રેન તો માત્ર યુધ્ધનું મેદાન બની ગયું છે. સોવિયત સંઘના જમાનામાં ચાલતા બંને દેશો વચ્ચેના શીતયુધ્ધ પછી ૨૦૨૨માં અમેરિકા અને રશિયા વચ્ચેના સંબધો અત્યંત તણાવભર્યા બન્યા છે. અમેરિકા રશિયા પર અનેક આર્થિક પ્રતિબંધો મુકયા છે એટલું જ નહી પશ્ચિમી દેશોને પણ એમ કરવા પ્રેર્યા છે.

નાટો દેશોએ યુક્રેનને તન,મન અને ધનથી મદદ કરતા રશિયાને બરાબર ટકકર આપી છે. અમેરિકા અને રશિયાની દુશ્મનાવટની અસર યૂરોપિયન એજન્સી અને સંશોધન સંસ્થાઓ પર પણ થઈ રહી છે. જો કે સૌથી માઠા સમાચાર એ છે કે અંતરિક્ષ સંશોધનમાં પણ રશિયા અને અમેરિકા એક બીજાથી છેડો ફાડી રહયા છે. અંતરિક્ષમાંથી બહાર નિકળી જવાનો નિર્ણય લેતા રશિયાએ જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન છોડી દેશે એટલું જ નહી આવનારા બે વર્ષમાં તમામ પ્રકારની સ્પેસ ભાગીદારી ખતમ કરી નાખશે.

રશિયાની સ્પેસ એજન્સી રોસ્કોસ્મોસના ડાયરેકટર જનરલ દિમિત્રી રોગોજિને કહયું કે અમે આ અંગે જાહેરમાં કોઈ વાત કરવા માટે બંધાયેલા નથી.જો કે આઈએસએસ પ્રોજેકટમાં રશિયાની ભાગીદારી કેટલી અવધીમાં ખતમ થશે તે અંગે કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જો કે રશિયા એક વર્ષની નોટિસ આપે તેવી શકયતા છે.

રશિયાએ સ્પેસ ભાગીદારીમાંથી ખસી જવાનો નિર્ણય આર્થિક પ્રતિબંધોની પ્રતિક્રિયા સ્વરુપે લીધો છે પરંતુ રશિયાના અંતરિક્ષ નિષ્ણાતોનું માનવું છે કે રશિયાએ પહેલાથી જ જાણ કરી હતી કે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ૨૦૨૪ પછી ભાગીદાર રહેવા ઈચ્છતું નથી.

જયારે અમેરિકાની સ્પેસ એજન્સી નાસા અને પાર્ટનર રશિયા ૨૦૩૦ સુધી સ્પેસ ભાગીદારી જાળવી રાખે તેમ ઈચ્છતા હતા.રોસ્કોસ્મોલના ડાયરેકટર જનરલ દિમિત્રી રોગોજિન રાષ્ટ્રપતિ વ્લાદિમેર પુટિનના ખાસ ગણાય છે. રશિયાએ યુક્રેન પર કાર્યવાહી કરી તેના માત્ર એક દિવસ પછી જ રોસ્કોસ્મોસ અને નાસા વચ્ચેની ભાગીદારી તોડી નાખવાની ધમકી આપી હતી. એ સમયે અમેરિકા રશિયા પર આર્થિક પ્રતિબંધો મુકવાની કાર્યવાહીની તૈયારી કરી રહયું હતું.

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વિશ્વના કેટલાક મોંઘા પ્રોજેકટસમાંનો એક છે જેને ૧૯૯૮માં લોંચ કરવામાં આવ્યો હતો.આ મિશન ૧૫ વર્ષ માટે હતું પરંતુ જરુરીયાત મુજબ એક્સટેન કરવામાં આવે છે. જો કે કેટલાક સમયથી સ્પેસ સ્ટેશનના મેન્ટેનન્સની સમસ્યા વધતી જાય છે.આઈએસએસની કેટલીક ટેકનોલોજી અને મોડયૂલ જુના થઈ ગયા છે. આ પ્રોજેકટમાં રશિયા અને અમેરિકા મોટા પાયે સંશોધ ખર્ચ કરી રહયા છે. સ્પેસ સ્ટેશનમાં અમેરિકાની ફરજ અંતરિક્ષ યાત્રીઓને લાઈફ સપોર્ટ આપવાની તથા રશિયાનું કામ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વ્યવસ્થિત રીતે ભ્રમણ કરતું રહે તે જોવાનું છે.

## વાવાઝોડું 'અસાની' ૯૬ થી ૧૨૦ કલાકમાં ઉદભવે તેવી સંભાવના



નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં આંદામાનના દરિયામાં આજે સવારે સાયકલોનિક સરકયુલેશન જોવા મળ્યું છે અને તે આગામી તારીખ ૬ ના રોજ લો પ્રેશરમાં પરિવર્તિત થશે. ત્યાર પછીના ચોવીસ કલાકમા તે લો પ્રેશરમાં તબદીલ થાય તેવી પ્રબળ સંભાવના હવામાન ખાતુ નીહાળી રહ્યું છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાંથી ભેજવાળો પવન ફંકાઈ રહ્યો છે અને તેના કારણે આસામ મેઘાલય નાગાલેન્ડ, મિઝોરમ, જેવા રાયોમાં વરસાદ શ થઈ ગયો છે તો સિસ્ટમની અસરને કારણે કર્ણાટક બેંગાલુ પશ્ચિમ બંગાળ કોસ્ટલ આંધ્ર પ્રદેશ જેવા વિસ્તારોમાં પણ વરસાદ થયો છે.આ બધા રાજયો ઉપરાંત તમિલનાડુ કેરાલા વિદર્ભ તેલંગાણા મધ્ય મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં પણ તોફાની પવન સાથે વરસાદની શકયતા છે. દક્ષિણના રાયોમાં અને પૂર્વોત્તર રાયોમાં તોફાની પવન ફંકાઈ રહ્યો છે પ્રતિ કલાકના ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફંકાઈ રહ્યો છે અને આગામી ચાર દિવસ દરમિયાન પવનની ગતિ તબક્કાવાર વધીને ૭૦ થી ૮૦ કિલોમીટરની આસપાસ થવાની શકયતા છે. વાવાઝોડું ઉવશે તો તે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ તરફ આગળ વધશે અને તારીખ ૯ અથવા તો ૧૦ ના રોજ અરાકન કોસ્ટ પર ટકરાશે. આગામી ૯૬થી ૧૨૦ કલાક દરમિયાન વાવાઝોડુ ઉવે એવી પ્રબળ સંભાવના છે.

## ઉત્તર કોરિયાએ બેલેસ્ટિક મિસાઈલનું ફરી પરિક્ષણ કર્યું

ટોકયો,

ઉત્તર કોરિયાએ ફરી એકવાર પોતાની બેલેસ્ટિક મિસાઈલનું પરિક્ષણ કર્યું છે. જાપાન ટાઈમ્સે દેશના રક્ષા મંત્રાલયના હવાલે આ અંગેની જાણકારી આપી છે. જો કે હજુ સુધી આ મિસાઈલને લઈને વધુ જાણકારીની રાહ જોવાઈ રહી છે.

આ પરિક્ષણે કોરિયાઈ દેશોની ચિંતા વધારવાનું કામ કર્યું છે. દક્ષિણ કારિયા તરફથી જારી એક નિવેદનમાં આ અંગેની પ્રારંભીક જાણકારી આપવામાં આવી છે. જાપાન અને દક્ષિણ કોરિયાએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. જો કે હજુ અમેરિકા તરફથી આ વિશે નિવેદન આવ્યું નથી.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતથી જ ઉત્તર કોરિયાએ પોતાના મિસાઈલ પ્રોગ્રામને ઝડપથી આગળ વધારવાનું કામ કર્યું છે. આ વર્ષમાં અત્યાર સુધી ઉત્તર કારિયા એક ડઝનથી વધુ વાર મિસાઈલ પરિક્ષણ કરી ચૂક્યું છે. જાપાનના રક્ષા મંત્રાલયે કહ્યું કે પરમાણુ હથિયાર સંપન્ન ઉત્તર કોરિયા સતત પોતાના હથિયારોનું પરિક્ષણ કરી રહ્યું છે.

## ભારતમાં કોરોનાના એકસઈ વેરિઅન્ટનો પ્રથમ કેસ આવ્યો

ભારતમાં કોરોના વાયરસનો ચેપ સતત વધી રહ્યો છે અને દેશમાં દરરોજ ૨ હજારથી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. આ દરમિયાન ભારતમાં કોવિડ-૧૯ના ઠઈ પ્રકારનો પુષ્ટિ થયેલો કેસ સામે આવ્યો છે. આ માહિતી ભારતીય **SARS-CoV**૨ જીનોમિક્સ સિક્વન્સિંગ કન્સોર્ટિયમના નવા બુલેટિનમાંથી બહાર આવી છે. જો કે ૨૫ એપ્રિલના મંગળવારે બહાર પાડવામાં આવેલા બુલેટિનમાં તે જાણી શકાયું નથી કે આ પ્રકાર દેશના કયા ભાગમાં આવ્યો છે.

આ વર્ષે ૧૯ જાન્યુઆરીએ બ્રિટનમાં કોરોનાવાયરસ એકસઈ વેરિઅન્ટનો પહેલો કેસ જોવા મળ્યો હતો. ઠઈ વેરિઅન્ટ અન્ય વેરિઅન્ટ કરતાં ૧૦ ગણું વધુ ચેપી છે અને લોકોને ઝડપથી પકડે છે. કોરોના વાયરસનું ઠઈ વેરિઅન્ટ ભારત સહિત વિશ્વભરના દેશોમાં ચિંતાનો વિષય છે, કારણ કે પ્રારંભિક અભ્યાસોએ દર્શાવ્યું છે કે તે અત્યાર સુધીના તમામ પ્રકારો કરતાં વધુ ચેપી છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે કોવિડ-૧૯નું ઠઈ વેરિઅન્ટ બે અલગ-અલગ પ્રકારોથી બનેલું છે. નિષ્ણાતો કહે છે કે કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના બે સ્વરૂપ છે. પ્રથમ ઓમિક્રોન બીએ.૧ અને બીજું મ્છ૭.૨ છે. આ બે વેરિઅન્ટના સંયોજનથી ઠઈ વેરિઅન્ટ બન્યું છે.

કોવિડ-૧૯નું ઠઈ પ્રકાર કેટલું ઘાતક છે અને તેનાથી કેટલું નુકસાન થઈ શકે છે તે અંગે અભ્યાસ ચાલી રહ્યો છે.ડબ્લ્યુએચઓએ કહ્યું છે કે આ અંગે હજુ કંઈ કહી શકાય તેમ નથી, કારણ કે હજુ સુધી આ અંગે પૂરતા પુરાવા મળ્યા નથી. આ સાથે તેના લક્ષણો વિશે કંઈ સ્પષ્ટ નથી. જો કે, એવું માનવામાં આવે છે કે તે ઓમિક્રોનના બે સબવેરિયન્ટ્સથી બનેલું છે, તેથી તેના લક્ષણો પણ ઓમિક્રોન જેવા જ હોઈ શકે છે. તાવ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો, ગળું દુખવુ અને વહેતું નાક એ ઠઈ વેરિઅન્ટના લક્ષણો હોઈ શકે છે. આ ઉપરાંત ઠઈ વેરિઅન્ટના કેટલાક અન્ય લક્ષણોમાં થાક, ચક્કર, વધતા ધબકારાનો સમાવેશ થાય છે. જો કોઈને આ લક્ષણો દેખાય તો તેણે તરત જ પરીક્ષણ કરાવવું જોઈએ.

## સતત હીટવેવને કારણે ૧૨૨ વર્ષમાં ત્રીજી વખત એપ્રિલ ગરમ મહિનો

નવીદિલ્હી,

સતત હીટવેવને કારણે ભારતમાં ૧૨૨ વર્ષમાં એપ્રિલ મહિનો ત્રીજી વખત ગરમ મહિનો રહ્યો હતો. એપ્રિલ મહિનામાં તાપમાન એટલું ઊંચું રહ્યું કે દેશનાં ૧૧ હવામાન મથકોએ તાપમાનનાં તમામ રેકોર્ડ તૂટયા હતા.માર્ચ મહિનામાં પણ અગાઉનાં વર્ષો કરતા તાપમાન ઘણું ઊંચું રહ્યું હતું અને ગરમી જોવા મળી હતી. એપ્રિલમાં ખાસ કરીને રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, પંજાબ, મધ્યપ્રદેશ, વિદર્ભ અને કેટલાક રાજ્યોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ રહ્યું હતું. ગયા મહિને સરેરાશ મહત્તમ તાપમાન ૩૩.૯૪ ડિગ્રીને બદલે સરેરાશ ૩૫.૩૦ ડિગ્રી રહ્યું હતું. ૧૯૦૧ પછી અગાઉ બે વખત એપ્રિલ મહિનામાં વધુમાં વધુ ગરમી નોંધાઈ હતી. ૨૦૧૦માં સરેરાશ માસિક તાપમાન ૩૫.૪૨ ડિગ્રી અને ૨૦૧૬માં ૩૫.૩૨ ડિગ્રી નોંધાયું હતું. એપ્રિલમાં આ વર્ષે લઘુતમ તાપમાન ૨૩.૫૧ ડિગ્રી રહ્યું હતું. જે ૧૯૦૧ પછી ૨૦૧૦ કરતા બીજી વખત ૧.૩૬ ડિગ્રી ઓછું નોધાયું હતું. જરૂર કરતા ઓછા વરસાદને કારણે આ વર્ષે અસહ્ય ગરમી પડી હતી. આમ ગરમીનું ઊંચામાં ઊંચું તાપમાન અને લઘુતમ તાપમાન એમ બંનેનાં નવા રેકોર્ડ બન્યા હતા.

હવામાન ખાતાએ દેશનાં દસથી વધુ રાજ્યોમાં મંગળવાર પછી ગરમી ઘટવાની અને હળવો વરસાદ પડવાની આગાહી કરી છે. શુક્રવાર સુધી જે રાજ્યોને ગરમીમાં રાહત મળશે તેમાં જમ્મુ કાશ્મીર, લદાખ, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, બિહાર, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને દક્ષિણનાં તમામ રાજ્યોનો સમાવેશ થાય છે. આ રાજ્યોમાં તાપમાનનાં ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

## વીજ સંકટ ટાળવાના પ્રયાસમાં 'નમકની અછત' સર્જાવાના ભણકારા



નવીદિલ્હી

કોલસાની તંગીને કારણે દેશના વિવિધ રાજ્યોમાં તોળાતુ વીજ સંકટ અટકાવવા માટે રેલવેથી માંડીને રાજ્યો અને કેન્દ્ર સરકારો પણ ઉંધા માથે છે તેવા સમયે હવે નમકનું સંકટ સર્જાવાના ભણકારા ઉભા થયા છે. કોલસાની હેરફેર માટે રેલવે દ્વારા વધુને વધુ રેક ફાળવવામાં આવતી હોવાથી નમકના પરિવહન માટેની રેક ઓછી થઈ ગઈ છે અને તેના કારણે નમકની તંગી ઉભી થવાની શક્યતા છે.

વીજ સંકટ રોકવા માટે રેલવે દ્વારા કોલસાના પરિવહન માટે વધુ રેક ફાળવવાની સાથોસાથ મુસાફરી ટ્રેનો પણ રદ કરી નાખવામાં આવી છે તેવા સમયે ઔદ્યોગિક અને ખાદ્ય નમક માટે દરરોજ માત્ર ૫ જ રેક આપવામાં આવી રહી છે. હજુ તેમાં કાપ મૂકવાની હીલચાલ છે. નમક ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું છે કે અગાઉ મીઠાના પરિવહન માટે દરરોજ ૮ રેક આપવામાં આવતી હતી. રેલવે મંત્રાલયે હવે કચ્છનાં અધિકારીઓને એવી સૂચના આપી છે કે ઉત્તર ભારતના છ વીજ મથકો માટે કોલસા પહોંચાડવાને પ્રાથમિકતા આપવામાં આવે છે.વાસ્તવમાં ૭૫ ટકા ઔદ્યોગિક અને ખાદ્ય નમક કચ્છથી જ સપ્લાય થાય છે. એક માલગાડીની એક રેકમાં ૨૭૦૦ ટન નમક સપ્લાય કરવામાં આવે છે. ઔદ્યોગિક નમકની ક્ષમતા ૩૮૦૦ થી ૪૦૦૦ ટનની હોય છે. કચ્છમાંથી વર્ષે ૨.૮૬ કરોડ ટન નમકનું ઉત્પાદન થાય છે જેમાંથી ૨ કરોડ ટન નમકની સપ્લાય ખાદ્ય અને ઔદ્યોગિક વપરાશ માટે થતી હોય છે.

ઈન્ડીયન સોલ્ટ મેન્યુફેકચરર એસોસિએશનનાં ઉપાધ્યક્ષ શામજી કંગડે જણાવ્યું હતું કે દરરોજ રેલવે તરફથી ૮ રેક મળતી હતી પરંતુ છેલ્લા એક પખવાડીયાથી કોલસાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું હોવાથી ૪ થી ૫ રેક જ મળી રહી છે. ઔદ્યોગિક અને ખાદ્ય ઉપયોગમાં લેવામાં આવતા ૭૦ ટકા નમકની સપ્લાય ટ્રેન દ્વારા જ કરવામાં આવે છે.

એકાદ મહિનામાં ચોમાસાનું આગમન થઈ જશે અને ત્યારે નમકનું પરિવહન મુશ્કેલ બનશે. ચોમાસા પૂર્વે મે મહિનામાં જ નમક ઉત્પાદકો સ્ટોક કરતાં હોય છે. રેકની ફાળવણી વધારવામાં ન આવે અને વર્તમાન હાલત યથાવત રહેવાના સંજોગોમાં આવતા સમયમાં નમકની અછત ઉભી થઈ શકે છે. એક વખત મીઠાની ખેંચ સર્જાવાના સંજોગોમાં પરિસ્થિતિ નોર્મલ કરવામાં ઓછામાં ઓછો એક મહિનો લાગી જતો હોય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને સરકાર અને રેલવે મંત્રાલયે તાત્કાલીક અસરથી નમક પરિવહનને કોઈ અસર ન થાય તે પ્રકારના કદમ ઉઠાવવાની જરુર છે.

## પાંચ વર્ષમાં ૬૦૦ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થયા

નવીદિલ્હી,

ભારત સહિત વિશ્વના તમામ દેશોમાં દરરોજ તમામ પ્રકારના હેકિંગ થાય છે. હેકર્સ ક્યારેક સરકારને નિશાન બનાવે છે તો ક્યારેક સામાન્ય લોકોને પોતાનો શિકાર બનાવે છે. લોકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ દરરોજ હેક થાય છે. ક્યારેક વડાપ્રધાન જેવી મોટી હસ્તીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ હેક થઈ જાય છે. જ્યારે સામાન્ય માણસ હેકિંગનો શિકાર બને છે, ત્યારે સાયબર સિક્યોરિટી કંપનીઓ લોકોને ડિજિટલ દુનિયામાં સુરક્ષિત રહેવાનું સૂચન કરે છે, પરંતુ જ્યારે સરકારી વેબસાઈટ્સ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર સાયબર હુમલા થાય છે, ત્યારે મામલો થોડો ગંભીર બની જાય છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરના જણાવ્યા અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારના ૬૦૦થી વધુ સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરવામાં આવ્યા છે. અનુરાગ ઠાકુરે સરકારના ટ્વિટર હેન્ડલ અને ઈ-મેઈલ એકાઉન્ટ હેક થવા અંગેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૧૭થી અત્યાર સુધીમાં આવા ૬૪૧ એકાઉન્ટ હેક થયા છે.તેમણે કહ્યું કે આ વર્ષે અત્યાર સુધીમાં ૨૦૧૭માં કુલ ૧૭૫ એકાઉન્ટ, ૨૦૧૮માં ૧૧૪ એકાઉન્ટ, ૨૦૧૯માં ૬૧, ૨૦૨૦માં ૭૭, ૨૦૨૧માં ૧૮૬ અને ૨૮ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થયા છે. તેમણે કહ્યું કે આ માહિતી ભારતીય કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયને ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ભવિષ્યમાં આવા હેકિંગને રોકવા માટે સરકાર દ્વારા લેવામાં આવતા પગલાં વિશે પૂછવામાં આવતા મંત્રીએ કહ્યું કે **CERT-in**ની સ્થાપના સાયબર સુરક્ષાને વધારવા માટે કરવામાં આવી હતી. તે નવીનતમ સાયબર ધમકીઓ અને ડિજિટલ તકનીકોના સુરક્ષિત ઉપયોગની ખાતરી કરવા માટે નિયમિત ધોરણે તેમને ટાળવાનાં પગલાં અંગે ચેતવણીઓ અને સલાહ આપે છે. તેમણે કહ્યું કે વપરાશકર્તાઓને તેમના ડેસ્કટોપ, મોબાઈલ/સ્માર્ટફોનને સુરક્ષિત રાખવા અને ફિશિંગ હુમલાઓને રોકવા માટે સિક્યોરિટી ટિપ્સ સમયાંતરે જાહેર કરે છે.

## સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ લીમખેડાની કોર્ટમાં,

કેશ નં.૨૩૦/૨૦૨૧ અરજદાર તરીકે વિ.વ.શ્રી.........

તારીખઃ ૨૦/૦૧/૨૦૨૨ **જાહેર નોટીસ**

**અરજદાર : માલીવાડ દિલીપભાઈ રછોડભાઈ,**
**રહે.બારૈલા, તા.સીંગવા જિ.દાહોદ**

**વિરૂધ્ધ**

**સામાવાળો : તલાટી કમ મંત્રીશ્રી,બારૈલા, તા.સીંગવડ જિ. દાહોદ**

**જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત.**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર માલીવાડ દિલીપભાઈ રણછોડભાઈના પિતા માલીવાદ રણછોડભાઈ મનસુખભાઈનું મરણ તા. ૧૦/૧૧/૨૦૧૯ ના રોજ બારેલા, તા.સીગવડ જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પિતાના મરણની નોંધણી, તલાટી કમ મંત્રીશ્રી, બારેલા, તા.સીંગવડ, જિ.દાહીદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના પિતાના મરણના દાખલાની જરૂરીયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.

જથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦(ત્રીસ)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે.જ અંગે નોંધ લેશો.

આજ તારીખ ૨૦ માહે : જાન્યુઆરી સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
રાજ સુથાર IAS
સબડિવીઝનલ મેજિસ્ટ્રેટ,લીમખેડા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા જુથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ અને ભાગ-૨ મારફત કડાણા અને સંતરામપુર તાલુકાના ૧૦૯ ગામોમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે

લુણાવાડા, કડાણા જુથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ અને ભાગ-૨ મારફત કડાણા અને સંતરામપુર તાલુકાના ૧૦૯ ગામોમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવતો હતો. પરંતુ યોજનાના મુખ્ય ભાગ ઈન્ટેકવેલ ખાતે પંપીંગ મશીનરી ક્ષતિગ્રસ્ત થવાના કારણે પાણી પુરવઠો પુરો પાડવાની વ્યવસ્થા ખોરવાયેલ હતી. જેના નીરાકરણ માટે જરૂરીયાત મંદ ગામોને ટેન્કરની વૈકલ્પિક વ્યવથાથી પાણી પુરૂ પાડી ઉભી થયેલ મુશ્કેલીનુ આંશીક નિરાકરણ લાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. સમાંતરે ઈન્ટેકવેલ ખાતે પંપિંગ મશીનરી પુર્વવત રીતે કાર્યરત થાય તે માટેના પ્રયત્નો પ્રગતિમાં હતાં. તા.૦૧/૦૫/૨૦૨૨ ના રોજ ઈન્ટેકવેલ કડાણા ખાતે પંપિંગ મશીનરીઓ કાર્યરત થયેલ છે તથા લાભાર્થી ગામોને પુર્વવત પાણી પુરવઠો પુરો પાડવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આમ યોજના હસ્તકના કુલ-૧૦૯ ગામોને હવે પુર્વવત નિયમિત પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે.કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા મહીસાગર દ્વારા જણાવાયું છે.

# લુણાવાડાના ચારણ ગ્રામ પંચાયતમાં મહિલા તલાટી દ્વારા લાંચ માંગવાનાનો વિડીયો વાયરલ થતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તલાટીને ફરજ મુક્ત કરી અન્ય તાલુકામાં બદલી કરી દેવામાં આવી



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ચારણ ગામ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી-કમ-મંત્રી સવિતાબેન માછી ચાપેલી ગ્રામ પંચાયત સહિત ચારણ ગામ પંચાયત વિસ્તારમાં ફરજ બજાવી રહ્યા છે. ત્યારે તલાટી સવિતાબેન માછી અરજદાર પાસે બોર મોટર કઢાવવા માટે ૧૦ હજારની લાંચ માગતા વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. વીડિયોમાં એક તરફ અરજદાર ની પરિસ્થિતિ સારી ન હોવાના કારણે આજીજી કરી રહ્યો છે કે દસ હજાર રૂપિયા ના હોય તો થોડા ઓછા કરો પરંતુ મહિલા તલાટી કહી રહ્યા છે કે મારે તાલુકામાં પણ આપવા પડતા હોય છે. ત્યારે તાલુકા પંચાયતના અધિકારી દ્વારા જિલ્લા વિકાસ અધિકારી વિડીયો બાબતે અહેવાલ રજૂ કરતાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મહિલા તલાટી સવિતાબેન માંછી ને ફરજ મુક્ત કરી અન્ય કડાણા તાલુકામાં બદલી કરી દેવામાં આવી છે. ત્યારે આવા કેટલા અરજદાર ની પાસે સરકારના આવતા વિકાસના કામોમાં લાંચ માંગી હશે તેમજ કયા કયા સુંધી મહીલા તલાટી હપ્તા પહોંચાડતા હશે આ સમગ્ર તપાસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવે તો મસ મોટું કૌભાંડ બહાર આવે તો નવાઈ નહીં

ચારણ ગામ ગ્રામ પંચાયત ખાતે મહિલા તલાટી વિડિયોમાં સ્પષ્ટ કહી રહ્યા છે કે મારે તાલુકા સુધી આપવું પડે છે એ કોણ છે અધિકારી મહિલા તલાટીને માત્રને માત્ર ફરજ મોકૂફ કરીને અધિકારીઓ સંતોષ માની લેશે કે પછી રેલો ક્યાં સુધી જાય છે તેની આગળ તપાસ કરાવશે. આ વિડિયો ને જોતા સ્પષ્ટ પણે લાગી રહ્યુ છે કે, આવી એક નહિ પરંતુ અનેક પંચાયતોમાં ટકાવારી લેવાતી હોવાની બૂમો પણ ઉઠવા પામી છે.

મહીસાગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી ના ફરજ મોકૂફ પત્રમાં તલાટી સવિતા બેન માછી સામે સિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવા વિડિયોમાં સ્પષ્ટ તલાટી દ્વારા કરવામાં આવેલ રૂપિયાની માંગણી અનુસંધાને ગુજરાત પંચાયત સેવા વર્તણુકના નિયમો ૧૯૯૮ ના નિયમ -૩ ના પેટા નિયમ વર્ગ ૩ ના કર્મચારી તરીકે તેમને ન શોભે તેવું વર્તન કરેલ હોય તાત્કાલિક ધોરણે ફરજ મોકૂફ કરી કડાણા તાલુકા પંચયત ખાતે બદલી કરી દેવામાં આવી હોવાનું પત્રમાં જણાવવામાં આવ્યું છે.

**મહિસાગર જીલ્લાના ડેપ્યુટી ડી.ડી.ઓ....**

# સંતરામપુર તાલુકાની સસ્તા અનાજની વ્યાજબી ભાવની દુકાનો ત્રણ દુકાનો સીલ કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર સંતરામપુર તાલુકાના વ્યાજબી ભાવની સસ્તા અનાજની દુકાનો સંતરામપુર મામલતદાર દ્વારા ત્રણ દુકાનો સીલ કરાઈ હતી. જેમાં હીરાપુર સીંગલગઢ અને સીર આ ત્રણ દુકાનોમાં રેશનીંગ ગ્રાહકોની વારંવાર ફરિયાદો આવતી હતી. મહિસાગર જિલ્લાના DOS સુચના મુજબ આ ત્રણે દુકાનોની સંતરામપુર મામલતદાર દ્વારા વિઝીટ કરવામાં આવેલી હતી અને તપાસ હાથ ધરવામાં આવેલી હતી. વિદ્યુત કર્યા પછી આ ત્રણેય દુકાનો નો રિપોર્ટ જિલ્લામાં મોકલી આપવામાં આવેલો આ રિપોર્ટમાં ત્રણેય દુકાનોનું તફાવત જોવા મળી ન હતો અને બિનહિસાબી નું પ્રમાણ પણ વધી રહ્યું હતું અને નિયમોનો ભંગ કરીને રેશનીંગ ગ્રાહકોને અંગુઠો સિંગર પ્રિન્ટ મારીને અનાજનો જથ્થો પૂરો આપવામાં આવતો ન હતો અને સરકારના નિયમ મુજબ ગ્રાહકોને ફરજિયાત કુપન આપવાની હોય છે, તે આપવામાં આવતી ન હતી અનેક ગ્રાહકો સાથે છેતરપિંડી કરી રહ્યા હતા. આ બધી બાબતો તપાસ દરમિયાન બહાર આવતા સંતરામપુર તાલુકાની વ્યાજબી ભાવની દુકાનદાર આર.એસ.ડામોર એક મહિના માટે તેનો પરવાનો રદ કરવામાં આવેલો છે અને દુકાન તેની સસ્પેન્ડ કરવામાં આવેલી છે અને તેની દુકાનમાંથી ૪૭૫૩૧નો અનાજનો જથ્થો સીઝ કરવામાં આવેલો હતો. જ્યારે સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે સસ્તા અનાજની દુકાન ધરાવનાર એક વર્ષમાં ત્રીજી વખત તેમની દુકાનો પરવાનો રદ કરવામાં આવેલો છે અને સસ્પેન્ડ કરવામાં આવેલી છે. હીરાપુરના આર.જે.શાહ, રમેશ શાહ વારંવાર રેશન ગ્રાહકોની ફરિયાદો આવતી હોય છે અને ગ્રાહકો સાથે વર્તન પણ ખરાબ કરે છે. આદિત્ય અને બીપીએલ ગ્રાહકોનું અનાજનો જથ્થો પૂરો આપવામાં આવતો નથી. રમેશ શાહનો જથ્થો સીલ કરવામાં આવેલો છે. તેની પાસેથી રૂપિયા ૧૨૧૧૭૨ ૧ નો અનાજનો જથ્થો સીઝ કરવામાં આવેલો છે અને આ ભાઈની દુકાન ૬૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવેલી છે. આજ રીતના સંતરામપુર તાલુકાના શીર સસ્તા અનાજની દુકાન ધરાવનારાઓ આઈ.એ.શેખ તેમની પાસે પણ ગ્રાહકોની વારંવાર ફરિયાદો આવતી હતી. ૬૦ દિવસ માટે તેમની દુકાનને પણ સસ્પેન્ડ કરવામાં આવેલી છે. રૂપિયા ૧૭૫૩૮૨ નો અનાજનો જથ્થો સીલ કરવામાં આવેલો છે. ગરીબોને સરકાર તરફથી મફતમાં મળતું અનાજ પણ સગે વગે કરતા હોય છે અને પૂરતું અનાજ આપવામાં નથી આવતું આ જ રીતે સંતરામપુર તાલુકાના સંખ્યાબંધ સસ્તા અનાજની દુકાન ધરાવનાર સંચાલકો આદિત્ય અને બીપીએલ ગ્રાહકોનું અને સરકાર તરફથી મળતું મફતનું અનાજ આપવામાં આવતું જ નથી અને તમામ અનાજનો જથ્થો સગેવગે કરી નાખતા હોય છે. સાંજના સમયે અને રાત્રીના સમયે અનાજનો બારોબાર જથ્થો ગાયબ કરી દેતા હોય છે. સરકારના નિયમ મુજબ સસ્તા અનાજની દુકાનનું મહિનામાં ઓછામાં ઓછું ૨૫ દિવસ ખોલવાની હોય છે, પરંતુ સસ્તા અનાજની દુકાન ધરાવનાર સંચાલકો અને અનાજનો જથ્થો સગેવગે કરવા માટે મહિનાના છેલ્લા અઠવાડિયામાં જ ખોલતા હોય છે. આ રીતે સંતરામપુર તાલુકાની ત્રણ સસ્તા અનાજની દુકાનોમાં વિઝીટ કરતા દરમિયાનમાં અનાજનો જથ્થો વધારે જ જોવા મળતા તેને સીલ કરવામાં આવેલો હતો. કુલ ૩૪૪૦૮૫ રૂપિયાનું અનાજનો જથ્થો સીઝ કરવામાં આવેલો છે. જો ત્રણ જ દુકાનનમાં સંતરામપુર તાલુકાની તો ૮૫ દુકાનોમાંથી કેટલું અનાજનો જથ્થો સગેવગે થતો છે. તે ખરેખર તપાસનો વિષય બન્યો છે, રેકોર્ડિંગ દુકાનદારો અને અનાજ માફિયાઓની છૂટો દોર મળી રહ્યો છે. આ ઓપરેશનમાં અને તપાસ દરમિયાન સંતરામપુરના મામલતદાર કે.જે.વાઘેલા, નાયબ મામલતદાર ધવલ પટેલ, સ્ટાફ કર્મચારી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# બાલાસીનોર કોંગ્રેસ ધારાસભ્ય અને બીજેપીમાં જોડવા ટોચના નેતાઓ સંપર્ક કરતા હોવાનું નિવેદન



બાલાસીનોર, બાલાસીનોર વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા નિવેદન કરવામાં આવ્યું કે, પ્રદેશ ભાજપના ટોચના નેતાઓ મારા સંપર્ક કરીને બીજેપીની ટીકીટ આપવાથી લઈ જીતાડી દેવાના વાયદા અને વચનો આપવામાં આવી રહ્યા છે.

હું કોંગ્રેસ પક્ષમાં ૧૯૮૪ થી છું અને કોંગ્રેસમાં રહીશ સાથે ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ એ હું કોઈપણ કાળે ભાજપમાં જોડાઈ નહિ તેવું નિવેદન આપ્યું સાથે આ બાબતે કોંગ્રેસ કાર્યકરો સહિત મતદારો સાથે પણ ચર્ચા કરી છે. હું કોંગ્રેસમાં છું અને કોંગ્રેસમાં રહીશ તેવા હુંકાર ભર્યા છે.

# અખાત્રીજે ૧૫,૦૦૦ કરોડનો સોના-ચાંદીનો કારોબાર થયો

અમદાવાદ, કોરોના મહામારીના બે વર્ષ બાદ અખા ત્રીજે દેશભરના સોના-ચાંદીના બજારમાં જોવા મળી છે. એક પ્રાથમિક અંદાજ મુજબ દેશમાં લગભગ રૂ. ૧૫,૦૦૦ કરોડની મૂલ્યના કિંમતી ધાતુઓનું વેચાણ થયુ છે.

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારી અને લોકડાઉનને કારણે જ્વેલર્સની દુકાનો બંધ રહેતા અખાત્રીજના દિવસે સોના-ચાંદીના દાગીના કે સિક્કાની ખરીદ-વેચાણ થઈ શક્યુ ન હતુ, પરંતુ આ વખતે કોઈ પ્રકારના પ્રતિબંધો ન હોવાથી જ્વેલર્સની દુકાન સોના-ચાંદીના બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી)ના મંત્રીએ જણાવ્યુ કે, બે વર્ષ બાદ અખાત્રીજના દિવસે દેશભરમાં સોના-ચાંદીનું લગભગ રૂ. ૧૫,૦૦૦ કરોડનો વેપાર થયો છે. આજે અમદાવાદમાં સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૫૨,૯૦૦ અને ચાંદીનો ભાવ પ્રતિ કિગ્રા રૂ. ૬૪,૫૦૦ હતો, જે તેના ઓગસ્ટ ૨૦૨૦ના ઐતિહાસિક ઉંચા ભાવથી નીચા છે.

# મહિસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી મહિસાગર લુણાવાડા દ્વારા ૬ મે ના રોજ યોજાનાર જિલ્લા કક્ષાનો ભરતી મેળો અનિવાર્ય સંજોગોના કારણે મોકૂફ

લુણાવાડા, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહિસાગર દ્વારા આગામી તા-૦૬-૦૫-૨૦૨૨ સવારે-૧૦-૦૦ કલાકે બાવન પાટીદાર સમાજ ઘર, ચારકોશિયા નાકા, લુણાવાડા ખાતે આયોજીત કરવામા આવેલ જિલ્લાકક્ષાનો ઔધોગીક ભરતી મેળો અનિવાર્ય સંજોગોના કારણો સર મોકુફ રખવામા આવેલ છે. પ્રસ્તુત જિલ્લા કક્ષાનો ઔદયોગીક ભરતી મેળાના કાર્યક્રમનુ આયોજન નિર્ધારીત થયેલ તારીખ, સમય, સ્થળ ની નવેસર થી જાણ તેમજ બહોળી પ્રસિદ્ધી કરવામા આવશે જેની તમામ સમ્બંધિતોને નોંધ લેવી વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી ના રોજગાર સેતુ કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ પર સમ્પર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

# મજરા પાંદેડી મુકામે ગામ છેડા માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ની ઉજવણી કરવામાં આવી હતી



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, તેમજ કળશ યાત્રા કાઢવામાં આવી હતી. ડી.જે.ની સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ખાંટ પરિવારના ભક્તો એ લાવો લીધો હતો. આ કળશ યાત્રા ઘરે ઘરે ફરી હતી અને પરત ગામ છેડા માતાજીના મંદિરે આવી પહોંચી હતી. મૂર્તિનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો અને પાંચ જોડા સહ જોડે બેઠા હતા અને સાજના સમયે આરતી કરીને મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખાનપુરના કોલંબી ગામે ચોમાસામાં પાણીના નિકાલને લઈ પરેશાન થતાં ખેડુતોની રજુઆતો ધ્યાને લેવાતી નથી

ખાનપુર, ખાનપુર તાલુકાના કોલંબી ગામે દર ચોમાસાની ઋતુમાં ચોમાસું પાણીનો નિકાલ ન થતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટી જાય છે, તેમજ ખેડૂતોની હાલત દયનીય બનવા પામે છે. ત્યારે ખેડૂતો દ્વારા આ સમસ્યા અંગે ગ્રામ પંચાયત થી લઈ મામલતદાર સુધી રજૂઆત કરતા પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે. ખાનપુર તાલુકાના કોલંબી ગામે છેલ્લા ચાર વર્ષથી ચોમાસુ પાણીનો નિકાલ ન થતાં અને વારંવારની રજૂઆતો કરવા છતાં પરિણામ ન મળતાં આગામી ચોમાસાને દયાને લઈ ગામના પંદરથી વધુ ખેડૂતોના જીવ તાળવે ચોંટેલા જોવા મળે છે. ખાનપુર તાલુકાના કોલંબી ગામે ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી નથી અને ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે નિર્ભર છે. ત્યારે ખેડુતોની જમીનમાં પાછલા ત્રણેક વર્ષથી ચોમાસાનાં વરસાદી પાણી સંગ્રહીત થાય છે. જેથી ખેડૂતો પોતાની જમીનમાં ખેતી કરી શકતા નથી. કેટલાક માથાભારે તત્વો દ્વારા પાણીનો નિકાલ અટકાવતાં ખેતરોમાં ઢીંચણ સમા પાણી ફેબ્રુઆરી માર્ચ સુધી જોવા મળે છે. પરિણામે ખેતી કરી શકાતી નથી અને પરિવારોને જીવન નિર્વાહ ચલાવવું મુશ્કેલ બન્યું છે અને ઘાસચારો ન મલતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ પશુધન વેચવા માટે મજબૂર બનેલ છે. આ અંગે ગ્રામ પંચાયતથી લઈ મામલતદાર સુધી અનેકવાર લૈખિત મૈખિક રજુઆતો કરવા છતાં પરિણામ મળતુ નથી અને નોંધનિય બાબત એ છે કે,આ પાણીના નિકાલ માટે તંત્રએ પાઈપો નાખવાની કામગીરી સરકારી ધોરણે મંજુર કરી પરંતુ અગમ્ય કારણોસર સદર જગ્યાએ જમીનમાં દબાયેલ પાઈપો બહાર કાઢી કામ બંધ કરી દીધેલ છે અને ત્યાર બાદ છેલ્લા ત્રણ વર્ષથી લેખિત મૌખિક રજૂઆતો કરવા છતાં પરિણામ મળતું ન હોવાથી ખેડુતોની આવક ડબલ કરવાની સરકારની નિતી સામે ખેડૂતો પાયમાલ થઈ રહેલા જોવા મળે છે.

આ અંગે ખેડૂત પુનમચંદ અંલાલાલ પંચાલની રૂબરૂ પુછતા તેઓએ જણાવ્યું હતું કે, આ અંગે સરકારમાં વારંવાર રજૂઆતો કરવા છતાં પરિણામ ન મળતા હવે અમારે જવું ક્યાં??? અને શું કરવું કે અમારી રજુઆતો સરકાર સાંભળે અને અમારી વ્હારે ચડે તેવી અમારી માંગ છે.

# આપની આજ.......

મેષ : ઘરમાં મહેમાનો આવવાથી વાતાવરણ સુખમય રહેશે. ઘરના વડીલ વ્યક્તિઓની સલાહથી સમસ્યાઓનું સમાધાન મળી શકશે. પરિવારમાં થોડા સમયથી ચાલી રહેલી અવ્યવસ્થાને દૂર કરવા માટે તમે થોડા મહત્ત્વપૂર્ણ નિયમ પણ બનાવશો અને તેનાં સફળ પણ રહેશો. ઘરનું વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે.

વૃષભ : વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શન તમારા ભાગ્યમાં વધારો કરશે. પરિવારમાં સુખ-શાંતિ જળવાયેલી રહેશે. ઘરમાં કોઈ માંગલિક આયોજનને લગતા કાર્યો સંપન્ન થઈ શકે છે. તમે તમારા કાર્યક્ષેત્રમાં જે નવી નીતિઓ અને યોજનાઓ બનાવી છે, તેના ઉપર સંપૂર્ણ મહેનત કરો. તમારી કાર્યકુશળતા પણ વધશે.

મિથુન : સમાજ અને પરિવારમાં તમારું માન-સન્માન વધશે. ભાઈઓ સાથે ચાલી રહેલો કોઈ વિવાદ પણ પૂર્ણ થશે તથા સંબંધ ફરી મધુર થઈ જશે. વધારે ભાવુકતા પણ નુકસાનદાયી સાબિત થઈ શકે છે. આ સમયે કોઈપણ નિર્ણય પ્રેક્ટિકલ થઈને લો. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે.

કર્ક : કોઈ અટવાયેલા રૂપિયા આવી જવાથી ચિંતા દૂર થશે. જમીન-જાયદાદનું કોઈ કામ અટવાયેલું છે તો આજે તેના પૂર્ણ થવાની સંભાવના છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. ભવિષ્યને લગતી થોડી યોજનાઓ ઉપર પણ વિચાર થશે. વ્યવસાયિક સ્થળે તમારું માન-સન્માન અને વર્ચસ્વ રહેશે.

સિંહ : છેલ્લાં થોડા સમયથી વ્યવસાયિક સ્થળમાં કરેલાં ફેરફારથી આ સમયે સારું પરિણામ મળશે. તમને સફળતા ચોક્કસ મળશે. જીવનસાથી સાથે કોઈ વાતને લઈને હળવો વિવાદ થઈ શકે છે. સમય સાથે કરેલાં કાર્યોના યોગ્ય પરિણામ પણ તમને પ્રાપ્ત થશે. એટલે તમારી ઊર્જાને યોગ્ય દિશામાં લગાવો.

કન્યા : કોઈપણ ડીલ કે લેવડ-દેવડને લગતા કાર્યોમાં વધારે સાવધાની રાખો. આજે તમે તમારી દિનચર્યા તથા વ્યવહારમાં થોડું પરિવર્તન લાવશો. પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલી ગેરસમજ દૂર થશે. પરિવારના સભ્યોને તેમની પોતાની રીતે કામ કરવા દો તથા તેમનો સહયોગ કરો. રોકાણને લગતા મામલે વધારે ધ્યાન કેન્દ્રિત રાખો.

તુલા : કાર્યક્ષેત્રમાં વ્યવસાયિક ગતિવિધિઓ થોડી ધીમી રહેશે. આજનો દિવસ મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવા માટે ખૂબ જ સર્વોત્તમ રહેશે. આ સમય ગ્રહ ગોચર તમારા માટે થોડી સફળતા પ્રદાન કરી રહ્યું છે. બાળકો દ્વારા કોઈ શુભ સમાચાર મળવાથી ઘરમાં સુખયમ વાતાવરણ રહેશે.

વૃશ્ચિક : મિત્રો અને પરિવારના લોકો સાથે થોડા મનોરંજનને લગતા પ્રોગ્રામ બનશે. જો ઘરમાં રિનોવેશનને લગતી થોડી યોજના બની રહી છે તો તેને શરૂ કરવાનો યોગ્ય સમય છે. આ સમયે ફાયાન્સને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણયના પણ પોઝિટિવ પરિણામ મળશે.

ધનુ : વ્યવસાય કે નોકરીને લગતો કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાતે જ લો. તમારી સમજદારી દ્વારા લેવામા આવેલ નિર્ણય તમારી આર્થિક સ્થિતિને વધારે સારી કરી શકે છે. નજીકના મિત્ર કે સંબંધીઓના ઘરે મહેમાન બનીને જવાનો અવસર મળશે. પારિવારિક વાતાવરણ સુખમય રહેશે.

મકર : વ્યવસાયિક ક્ષેત્રમાં થોડા મામલાઓ ગુંચવાઈ શકે છે. સંબંધીઓ તથા પાડોસીઓ સાથે સંબંધોમાં વધારે મધુરતા આવશે. બાળક પક્ષ તરફથી પણ સંતોષજનક સમાચાર મળી શકે છે. જો તમે તમારા દરેક કામને પ્રેક્ટિકલ રીતે પૂર્ણ કરવાની કોશિશ કરશો તો અવશ્ય જ સફળતા મળશે.

કુંભ : થોડા મહત્ત્વપૂર્ણ કામ બની જવાથી રાહત અનુભવ થશે. વ્યવસાયમાં કોઈ અનુભવી વ્યક્તિનો સહયોગ અને સલાહથી અનેક અટવાયેલી ગતિવિધિઓ ફરીથી શરૂ થશે. તમારો આત્મવિશ્વાસ અને આત્મબળ પણ વધશે. આ સમયે રાજનૈતિક સંબંધોને વધાર મજબૂત કરો.

મીન : ગણેશજી કહે છે, સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. તમારી સફળતાનો ભરપૂર ઉપયોગ કરો. વ્યવસાયમાં તમારી કાર્ય પ્રણાલીમાં જે પરિવર્તન આવ્યું છે, તેમાં ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. થોડો સમય બાળકો તથા ઘરની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં પસાર થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ એમ.જી.વી.સી.એલ. થી ઈન્દોર તરફના માર્ગ પરના બ્રીજની કામગીરી અટવાઈ તે પુરી કરવી જરૂરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર માટે જીવાદોરી સમાન રસ્તો એવો એમજીવીસીએલથી ઈન્દૌર હાઈવે તરફ જતા માર્ગ ઉપર બ્રીજ બનવાનો હતો, પરંતુ કોઈક કારણોસર આ બ્રીજનું કામકાજ છેલ્લા ઘણા વર્ષોથી અટવાઈ પડ્યું છે. જેને પગલે દાહોદ શહેરમાં ટ્રાફિકનું ભારણ દિવસેને દિવસે વધી રહ્યું છે. જો આ બ્રીજનું નિર્માણ વહેલીમાં વહેલી તકે કરવામાં આવે તો મોટા અને ભારે વાહનોની અવર જવર આ બ્રીજથી થશે તો દાહોદમાં ચોક્કસ પણ ટ્રાફિકનું ભારણ ઓછુ થાય તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય.

દાહોદ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા વધી રહી છે અને તેમાંય મોટાભાગના જાહેર માર્ગો ઉપર ભારે અને મોટા વાહનોની અવર જવરને પગલે ટ્રાફિક વધી રહ્યો છે. તેમાંય હાલ દાહોદ શહેરમાં ઘણા વિસ્તારોમાં સ્માર્ટ સીટી અંતર્ગત નાના મોટા કામકાજો પણ ચાલી રહ્યાં છે. જેને પગલે પણ ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવી રહી છે. ટ્રાફિક સમસ્યાને કારણે લોકોને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવામાં કલાકોનો સમય લાગી રહ્યો છે અને તેમાંય હાલ કાળઝાળ ગરમીના કારણે લોકો ગરમીથી રેબઝેબ થઈ રહ્યાં છે. ત્યારે વર્ષો પહેલા દાહોદ એમ.જી.વી.સી.એલ. થી ઈન્દૌર હાઈવે તરફ જતો બ્રીજનું નિર્માણનું કામકાજ કોઈક કારણોસર ખોરંભે પડ્યું છે. આ બ્રીજ બની ગયો અને કેટલાંય સમયથી બાકી રહેલ કામકાજ બંધે છે, જેને કારણે આ બ્રીજ પરિપૂર્ણ રીતે બનવા પામ્યો નથી. હાલ દાહોદ શહેરમાં કેટલાંક રસ્તાઓમાં કામકાજ ચાલે છે. જેને પગલે ખાનગી જગ્યાઓએથી ડાઈવર્ઝન આપવાની ફરજ રહી છે. ખાવની જગ્યામાંથી ડાઈવર્ઝન આપને પગલે ત્યાંથી મોટા અને ભારે વાહનોના પસાર થવાને કારણે શહેરમાં વધુ ટ્રાફિકની સમસ્યાઓ ઉદ્ભવવા પામી રહી છે. માટે આ રસ્તો બની જાય અને વહેલામાં વહેલી તકે શરૂ થઈ જાય તો અનાજ માર્કેટથી લઈ જે ટ્રાફિક છે. તેને થોડી સરફતા મળે સહુલીયત ઉભી થાય તેમ છે. તેમજ દાહોદ શહેરમાંથી ટ્રાફિકનું ભારણ થોડુ ઘટે તેમ જણાઈ રહ્યું છે. આ બ્રીજનું નિર્માણ શામાટે અધુરી પડ્યું છે ? શા માટે કામકાજ કરવામાં નથી આવતું ? તેનું શું કારણ છે ? તે હાલ ચોક્કસ પણ જાણી શકાયું નથી પરંતુ જે તે સમયે આ બ્રીજ બનવાનો હતો. ત્યારે જે લોકોએ આ બ્રીજ બનાવવા માટે સહમતિ આપી હતી અને વાહ વાહી બટોરી હતી, તે લોકો અત્યારે ક્યાં છે ? હાલ આ કામગીરી બંધ છે. ત્યારે તમામ પ્રશ્નોના જવાબ દાહોદ શહેરવાસીઓ જાણવા માંગે છે.

# દે.બારીયાના સરકારી હોસ્પિટલમાં ડાયાલીસીસના દર્દીઓના ખાતામાં રૂા.૬૦૦૦ માત્ર જમા થયા

દે.બારીયા,

દે.બારીયા શ્રીમંત જયદીપસિંહજી ચૌહાણ સરકારી હોસ્પિટલ ડુંગરાળ અને જંગલ વિસ્તારના માટે જનરલ ઓપીડી, ડેન્ટલ વિભાગ, લેબોરેટરી અને બ્લડ સ્ટોરેજ યુનિટ તેમજ જનરલ સર્જરી, નેત્ર સર્જરી, પેથોલોજી તથા સ્ત્રી રોગ અને પ્રસૃતિ માઈક્રોબાયોલેજી સાથે ડાયાલીસીસ વિભાગમાં લગભગ ૪૦ ઉપરાંત દર્દીઓ પોતાની ડાયાલીસીસની સારવાર મેળવી રહ્યા છે. પરંતુ આ દર્દીઓના ૮ થી ૯ માસના એક ડાયાલીસીસના રૂા.૩૦૦/- મુજબ ખાસ્સી રકમ બાકી છે. તેનો અહેવાલ અમારા પંચમહાલ સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરાયો ત્યારબાદ આ લેખના ઈમ્પેકટના કારણે સ્થાનિક હોસ્પિટલનું વહીવટી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું ખરૂ પણ ૪૪ જેટલા દર્દીઓ પૈકી ખાલી છ દર્દીઓના ખાતામાં રૂા.૬૦૦૦/-અલગ અલગ જમા કરાયા છે. તો બાકીના દર્દીઓના અને જેમના ખાતા નામ પૂરતી રકમ જમા દેખાડવા ખાતર જમા કરી છે. તેમના બાકીની રકમ કયાકરે ચુકતે કરવામાં આવશે તે ડાયાલીસીસ દર્દીઓમાં અસંમજસ જોવા મળે છે.

બાકીના અમારી સહાયના નાણા કયારે અને કેટલી સમય મર્યાદામાં મળશે કે કેમ તેનો કોઈપણ જવાબદાર કર્મી કહેવા માટે તૈયાર નથી અને ઉપર થી દર્દીઓને કહેવામાં આવે છે. તમને આ નાણાના મળતા તો તમે ખાનગી હોસ્પિટલમાં નાણા ખર્ચ કરીને ડાયાલીસીસના કરાવવું પડતું આવું ફરજ ઉપરના જવાબદાર કર્મી દર્દીઓને મહેણાં મારતા ખચકાતા નથી શું. આ સહાયના એક ડાયાલીસીસના રૂા.૩૦૦/-પોતાના ખીસ્સા માંથી ચુકતે કરે છે ? તે યક્ષ પ્રશ્ન છે. જેથી લાગતા વળગતા પદના સુપ્રિટેન્ડેન્ટ આવા મહેણા ટોણા મારતા કર્મીઓને નોટીસ આપે આ બાબતે સંજ્ઞાન લઈ કર્મીઓને કડક સુચના આપે તેવી ડાયાલીસીસના દર્દીઓના સગાં સંબંધીઓની માંગ ઉઠવા પામી છે.

# આહાર દ્વારા અખાત્રીજના દિવસે બે કન્યાને લગ્નની સહાય



મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયાના ડેરી ફળિયામાં રહેતી, પિતા વગરની આહારની લાભાર્થી કુમારી પાયલ જીતેન્દ્રભાઈ બારીયાનું પોતાના ફળિયાના જ છોકરા હની બારીયા જોડે મન મળી જતા, અખાત્રીજના દિવસે બંનેના કુટુંબીજનોની સંમતિથી સાંઈબાબાના મંદિર દેવગઢ બારીયા ખાતે રાખેલ વિધિવત લગ્ન પ્રસંગમાં આહાર તરફથી નવયુગલને ટ્રસ્ટી મેઘા સોનીના વરદહસ્તે મીઠાઈનું પેકેટ તથા કન્યાને ચાંદીના ઝાંઝર આપવામાં આવ્યા અને આહારના સૌ લાભાર્થીઓ તરફથી લગ્નની શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા બારીયાના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતી કુમારી પારૂલ નાયકને માલુ-કાદુના યુવાન દિનેશ નાયક સાથે મનમેળ થતા અને કુંટુંબીજનોની નબળી આર્થિક પરીસ્થીતીને કારણે પારૂલ, દીનેશના ઘરમાં થોડા દિવસ પહેલા જતી રહી હતી પણ દીનેશના કુટુંબીજનોએ વિધિસર ઢીંગલા-ઢીંગલી લગ્ન કરતા આહાર તરફથી ટ્રસ્ટી મેઘા સોનીના વરદહસ્તે પારૂલને તેણીની માંગણી મુજબ નવા ત્રણ જોડી કપડાં-ચંપલ અને એક ટેબલ પંખો આપવામાં આવ્યો.

# મહુવાના તલગાજરડામાં પૂ.વિશ્વ વંદનીય મોરારી બાપુના હસ્તે ૧૧મીએ ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ બદુભાઈ ચાવડાને ચિત્રકૂટ એવોર્ડ એનાયત થશે



ગરબાડા,

રાજયના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતો શ્રેષ્ઠ શિક્ષક માટેનો ચિત્રકૂટ એવોર્ડ આગામી તા.૧૧/૫/૨૨ બુધવારે સવારે ૯:૦૦ કલાકે પૂ. મોરારી બાપુના હસ્તે એનાયત થશે. સને ૨૦૦૦ની સાલ થી પ્રારંભ થયેલા આ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પ્રતિવર્ષ અર્પણ થાય છે. તલગાજરડા તા. મહુવાની કેન્દ્ર વતીશાળા ચિત્રકૂટ ધામ ખાતે કુલ મળીને ૬૬ પ્રાથમિક શિક્ષકભાઈ બહેનોને પૂ. મોરારી બાપુ દ્વારા વંદના કરવામાં આવશે. ગુજરાતના દરેક જિલ્લા માંથી એક પ્રાથમિક શિક્ષકને આ એવોર્ડ એનાયત થશે. રાજ્યભરના બે લાખ ઉપરાંત પ્રાથમિક શિક્ષકો માંથી પસંદગી કરવાનું કાર્ય ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ નિભાવે છે.

૨૦૨૧નો ચિત્રકૂટ એવોર્ડ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામની ભૂતવડ પ્રા. શાળાના આચાર્ય કિરણસિંહ બદુભાઈ ચાવડાની પસંદગી થયેલ છે. ૩૭ વર્ષ થી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત ચાવડાને શિક્ષણજગત દ્વારા તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ૨૦૧૭ તથા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક સન્માન ૨૦૧૮ માં મળેલ હતું. ભારતીય દલિત સાહિત્ય અકાદમી દાહોદ જિલ્લા એ શ્રેષ્ઠ શિક્ષક સન્માન ૨૦૨૦ કરેલ હતું. રોટરી કલબ દાહોદ એ શ્રેષ્ઠ શિક્ષક સન્માન ૨૦૧૫ કરેલ હતું. નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા શ્રેષ્ઠ યુવા એવોર્ડ ૧૯૯૫ માં એનાયત થયો હતો. લાયન્સ કલબ ગોધરા એ યુવા સન્માન ૧૯૯૭ માં કરેલ હતું. BRC ગરબાડા દ્વારા શ્રેષ્ઠ SMC એવોર્ડ ૨૦૧૮ માં એનાયત કરવામાં આવ્યો હતો.

ચાવડા ૩૦ વર્ષ થી વ્યસન મુક્તિનું કાર્ય કરે છે. સમાજમાં રોહિત સમાજ પંચ બારા વિભાગ મંત્રી, ઉપપ્રમુખની જવાબદારી નિભાવી હતી.હાલ માં ગુરૂ રવિદાસ વિશ્વમહા પીઠ દાહોદ જિલ્લાના પ્રમુખ ની જવાબદારી નિભાવી રહ્યા છે.૧૯૮૫ થી ભીલ સેવા મંડળ સંચાલિત આશ્રમશાળા મોરા,કંજેટા,ચાકલીયા, વાગડમાં આશ્રમમાં ૮ વર્ષ સેવા આપી. ૧૯૯૩થી જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની જામદરા, કાલીયાવડ, ચીલાકોટા, શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી.૧૯૯૭થી સી.આર.સી.કો.ઑડિનેટર ની શરૂઆત કરી ૨૦૧૭ સુધી ફરજ બજાવેલી. હાલ ભૂતવડ પ્રા. શાળા વજેલાવ ખાતે મુખ્ય શિક્ષક તરીકે ફરજમાં કાર્યરત છું. ભૂતવડ શાળા ગુણોત્સવમાં A ગ્રેડ મેળવે છે. શાળાના બાળકો જવાહર નવોદય વિદ્યાલયની તથા એકલવ્ય મોડેલ શાળામાં પાસ થાય છે. દર વર્ષ ૫ થી ૭ બાળકો પાસ થાય અને ટેલેન્ટ શાળામાં શિક્ષણ લે છે.

# દંડક અને ધારાસભ્યના જન્મદિવસ નિમિત્તે હરિદ્વાર ગંગા કિનારે ગરીબોને ભોજન કરાવાયું


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારાનો ૪ મે ના રોજ જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તાલુકા સહિત જિલ્લાના અને રાજયકક્ષાના કાર્યકર્તાઓ અધિકારીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ દંડકના અંગત મદદનીશ હિતેશ કલાલ દ્વારા ઉત્તરાખંડના હરીદ્વાર ગંગા કિનારે ધારાસભ્ય રમેશભાઈના જન્મ દિવસ નિમિત્તે તેમનું આયુષ્ય સ્વસ્થ નિરોગી અને તંદુરસ્ત રહે અને ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે શિવજીને ગંગાજીનો જળાભિષેક કરાયો હતો. તેમજ ગરીબોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

# દાહોદમાં તા. ૩૦ એપ્રિલ થી તા. ૨ મે સુધી દિવ્યાંગો માટેના ખાસ ખેલ મહાકુંભનો સીટી ગ્રાઉન્ડ દાહોદ ખાતે પ્રારંભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દિવ્યાંગો માટેનો ખેલ મહાકુંભ યોજવામાં આવે છે. દાહોદ જિલ્લામાં પણ તા. ૩૦ એપ્રિલ થી આગામી તા. ૨ મે સુધી દિવ્યાંગો માટેના ખાસ ખેલ મહાકુંભનો સીટી ગ્રાઉન્ડ ખાતે પ્રારંભ કરાયો છે. દિવ્યાંગો માટેના આ ખેલ મહાકુંભમાં માનસિક તેમજ શારીરિક રીતે પડકારોનો સામનો કરી રહેલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત તેમજ જિલ્લા વહીવટી તંત્ર દાહોદ દ્વારા આયોજિત દિવ્યાંગ ખેલ મહાકુંભ-૨૦૨૨ માં મોટી સંખ્યામાં દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ રહયાં છે. ત્યારે દાહોદ ખાતે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨ દિવ્યાંગ- પ્રજ્ઞાચક્ષુ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધાનો પણ આરંભ આજે કરાયો છે. સીટી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં બ્લાઈન્ડ વેલફેર સંસ્થાનો પણ સહયોગ લેવાયો છે. આ નિમિત્તે યુસુફ કાપડિયા પણ ઉપસ્થિત રહયાં હતા અને પ્રેરક સંદેશો આપ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા રમતગમત અધિકારી વિરલ ચૌધરીએ જણાવ્યું કે, સ્પે.ખેલમહાકુંભ ૨૦૨૨ (દિવ્યાંગ) માનસિક પડકાર ધરાવતા તથા શ્રવણમંદ સહિતના દિવ્યાગો માટે જિલ્લા કક્ષાની સ્પર્ધાનો આજથી આરંભ સિટી ગ્રાઉન્ડ ખાતેથી કરાયો છે. જેમાં સ્પર્ધા સ્થળ પર ઓફ લાઈન રજીસ્ટ્રેશન કરી દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકે તેવી સુવિધા પણ કરવામાં આવી છે. ખેલમહાકુંભમાં જુદી જુદી કક્ષાની સ્પર્ધામાં ૦૧ થી ૦૩ ક્રમ મેળવનાર ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

આ પ્રસંગે દાહોદ જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ નીલકંઠ ઠક્કર, બેડમિન્ટન એશોસિયન સેક્ટરી વસંતભાઈ, સ્પેશ્યલ દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધાના કન્વીનર વિરેન્દ્રભાઈ, પ્રાંત યુવા વિકાસ અધિકારી જીગ્નેશ ડાભી, અશોક પટેલિયા અને ભાગ લીધેલ દિવ્યાંગ ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# SYBA ના સમાજ શાસ્ત્રના પેપરમાં જમનાદાસ કંપની અને તેના લેખક દ્વારા આદિવાસી સમાજ માટે અપમાનજનક બાબત લખતા સંજેલી ખાતે ફરિયાદ નોંધાઈ



દાહોદ,

આર. જમનાદાસની કંપની અને તેમના લેખત દ્વારા આદિવાસી સમાજ માટે અપમાનજનક બાબત એસ.વાય.બી.એ.ના પ્રશ્ન પત્રમા સમાજશાસ્ત્રના પેપરમાં અપમાનજનક બાબત લખતાં દાહોદ જિલ્લાના સમગ્ર આદિવાસી સમાજમાં આક્રોશની લાગણી ફેલાવા પામી છે. જેને પગલે આદિવાસી પરિવાર સંજેલી દ્વારા સંજેલી પોલીસ મથકે કંપની અને લેખિત વિરૂધ્ધ કાર્યવાહીની માંગ સાથે લેખિત અરજી ફરિયાદ રૂપે આપી હોવાનું જાણવા મળી રહ્યું છે.આપવામાં આવેલ લેખિત અરજી ફરિયાદમાં જણાવ્યાં અનુસાર આર. જમનાદાસ કંપની અને તેમના લેખક દ્વારા એસ.વાય.બી.એ. આદર્શ અને અનુ કૌટિલ્ય પ્રશ્ન સંપુટના સમાજશાસ્ત્ર પેપર ૯ સેમેસ્ટર ૪ પાના નંબર ૭૪ મુદ્દા નંબર ૨ માં એડ્સ કારણોમાં વેશ્યાગમન દર્શાવેલ છે. જેમાં જણાવેલ કે, શહેરો, ગામડાઓમાં આદિવાસી સમાજમાં વેશ્યાવૃતિઓની પ્રવૃતિઓ નિરંકુશ રીતે ચાલ્યાં કરે છે. આ પ્રમાણેનું લખાણ છાપીને પુસ્તક વાંચનાર યુવા વર્ગના મગજમાં આદિવાસી સમાજની ઘણી અપમાનજનક અને ધૃણાજનક ખોટી માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યાં છે. વધુમાં જણાવ્યાં અનુસાર, આ પાયા વિહોણી માહિતી શોસિયલ મીડીયામાં વાયરલ થવાથી આદિવાસી સમાજના લોકો અન્ય સમાજની સામે નિલેશ જનક પરિસ્થિતીનો બતાવેલ છે. જેને પગલે સંજેલીના આદિવાસી સમાજના લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો. જેથી આદિવાસી સમાજનું અપમાન થયું હોવાના આક્ષેપો સાથે આર. જમનાદાસ કંપની અને તેના લેખિત વિરૂધ્ધ પોલીસ દ્વારા એટ્રોસીટીની ફરિયાદ દાખલ કરે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગણી સાથે સંજેલીના આદિવાસી સમાજના લોકો દ્વારા સંજેલી પોલીસ મથક લેખિત ફરીયાદ સ્વરૂપે અરજી આપી છે.

# માતવા પટેલ ફળિયા પ્રા.શાળાના આચાર્ય અભેસિંગ બામણીયાનો વિદાય સમારંભ યોજાયો

દાહોદ,

ગરબાડા તાલુકાના માતવા ખાતે પટેલ ફળિયા પ્રાથમિક શાળામાં સતત ૩૧ વર્ષ થી ફરજ બજાવતા અભેસિંગ નાનજીભાઈ બામણીયા વય નિવૃત્તિને કારણે નિવૃત્ત થતાં ગ્રામજનો, સ્ટાફ મિત્રો, સંગા સબંધીઓ અને સ્કુલનાં બાળકો દ્વારા વિદાય સમારંભ ગામના સરપંચ બાદર પલાસના અદયક્ષ સ્થાને યોજાયો હતો.

# રાજસ્થાનમાં આગ વરસી રહી છે, ધગધગતી રેતીમાં બીએસએફ જવાનોએ પાપડ શેક્યા

બીકાનેર,

રાજસ્થાનમાં અસહ્ય ગરમી પડી રહી છે. સ્થિતિ એવી છે કે સતત વધી રહેલા તાપમાનના કારણે હવે મરુધારાના રેતીના ટેકરા એટલા ગરમ થવા લાગ્યા છે કે તેના પર પાપડ પણ સરળતાથી શેકી શકાય છે. આ કોઈ કાલ્પનિક વીડિયો નથી, પરંતુ વાસ્તવિકતા છે. પશ્ચિમ રાજસ્થાનમાં ૪૫થી ૪૭ ડિગ્રી તાપમાન વચ્ચે ભારત-પાકિસ્તાન બોર્ડર પર સુરક્ષા મોરચે ઉભેલા બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનો રેતીમાં પાપડ શેકતા નજરે આવી રહ્યા છે.આના પરથી અંદાજ લગાવી શકાય છે કે આ મ્જીહ્લ જવાનો કયા સંજોગોમાં દેશની સુરક્ષા માટે મોરચે ઉભા છે. સૂર્ય દેવ અગનગોળા વરસાવી રહ્યા છે અને જવાનો રેતીમાં પાપડ શેકી રહ્યા છે, આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

ધગધગતા સૂર્યપ્રકાશને કારણે ગરમ થયેલી રેતી પર પાપડ શેકવાનો આ વીડિયો બિકાનેર જિલ્લામાંથી સામે આવ્યો છે. આ ચોંકાવનારો વીડિયો બિકાનેર જિલ્લાના ભારત-પાકિસ્તાન બોર્ડર વિસ્તારમાંથી સામે આવ્યો છે. આ વીડિયોમાં બીકાનેર જિલ્લાના બજ્જુ વિસ્તારમાં બોર્ડર પર તૈનાત બીએસએફ જવાનોએ થોડા સમય માટે તપતી રેતીની અંદર પાપડ રાખ્યા હતા. થોડા જ સમયમાં તે પાપડ સંપૂર્ણપણે શેકાઈ ગયા. બીએસએફ જવાનોએ તેનો વીડિયો પણ બનાવ્યો હતો. અગાઉ, ચુરુ જિલ્લામાં આકરી ગરમી દરમિયાન રેતીના ટેકરાઓ વચ્ચે આગ વગર આમલેટ બનાવવામાં આવી હતી.

વીડિયોમાં બીએસએફના જવાનોએ તેને હથેળી પર લઈને સંપૂર્ણ રીતે શેકેલા પાપડ બતાવ્યા છે. તે પછી તેણે પાપડ હાથમાં લઈને તેનો ભૂક્કો પણ કર્યો હતો. આ વીડિયો જોઈને સ્પષ્ટ સાબિત થાય છે કે કડકડતી ગરમી અને તપતી રેતી વચ્ચે આપણી વીર જવાનો કેવી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આમ છતાં પણ તેમના ચહેરા પણ ફરીયાદની એક કરચલી પણ દેખાતી નથી. તેઓ તેમની ફરજ પૂરી ખંતથી નિભાવી રહ્યા છે. આપણા દેશની સરહદના રક્ષકો સરહદની સુરક્ષામાં અડગ રહીને ગરમીને હરાવી રહ્યા છે.

નોંધનીય છે કે રાજસ્થાનમાં આ દિવસોમાં આકરી ગરમી પડી રહી છે. પશ્ચિમ રાજસ્થાનના પ્રદેશમાં સ્થિત રેતીના ટેકરાઓ પર ખુલ્લા પગ રાખવા તે અંગારા પર રાખવા સમાન છે. છેલ્લા એક સપ્તાહથી બિકાનેર જિલ્લામાં સરેરાશ તાપમાન ૪૫થી ૪૭ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. પશ્ચિમ રાજસ્થાનના બાડમેર, જેસલમેર અને જોધપુરમાં પણ આ જ સ્થિતિ છે. જો કે હવામાન વિભાગે મંગળવારથી મરુધારાના ૧૦ જિલ્લામાં હવામાનમાં ફેરફારની આગાહી જાહેર કરી છે. પરંતુ હજુ પણ ગરમી યથાવત છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.214

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### દિલ્હી-મુંબઈ ગ્રીન કોરીડોર હાઈવે નિર્માણ કરતી MCC કંપની દ્વારા

# ગોધરા તાલુકાના ગામોની ગૌચર જમીન માંથી ૧૦ કરોડની માટી ચોરી કરી

## ગોધરા ટી.ડી.ઓ.ની તપાસમાં ગૌચર જમીન માંથી માટી ખનનને સમર્થન.



ગોધરા,

ભારતમાલા પ્રોજેકટ અંતર્ગત બની રહેલા દિલ્હી મુંબઈ ગ્રીન કોરિડોર હાઈવેનું નિર્માણ કરતી MCC કંપની દ્વારા કરોડોની માટી ચોરી કરી હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે. MCC નામની ખાનગી કંપની દ્વારા ગોધરા તાલુકાના વિવિધ ગામોની ગૌચરની જમીનો ખોદી કરોડો રૂપિયાની માટી ચોરી પ્રતિબંધિત ગૌચર જમીનોનું એટલું ખોદકામ કરી નાખ્યું કે ગૌચરની જમીન તળાવમાં ફેરવાઈ ગઈ છે. ખોદકામ એટલું ઉંડું કરવામાં આવ્યું છે કે, હાલમાં આ ગૌચરની જમીન માંથી પાણી આવી જતા તળાવમાં ફેરવાઈ ગઈ છે. ત્યારે કંપની સંચાલકો દ્વારા જિલ્લા કલેકટર એ મંજૂરી આપવામાં આવી છે, તેમ જણાવી ગોધરા તાલુકાના ભલાણીયા, નાની કાંટડી, વીંઝોલ ગામની ૧૦ હેકટર કરતા વધુ ગૌચર જમીનમાંથી માટી ચોરી કરી નાખી છે. ગોધરા કલેકટર કચેરી અને ખાણ ખનીજ વિભાગના જવાબદાર અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરીને કંપનીને દરેક પ્રકારની છૂટ આપવામાં આવતી હોવાના આક્ષેપ આસપાસના લોકો સહિત પંચમહાલ જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ કરી રહ્યા છે. સ્થાનિક લોકો તેમજ હોદ્દેદારો દ્વારા સ્થાનિક તંત્રને અનેક વખત રજુઆત કરવામાં આવી હોવા છતાંપણ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સીએમ ડેસ્ક સુધી રજુઆત કરવામાં આવતા સફાળા જાગેલા તંત્રએ સમગ્ર મામલાની તપાસ ગોધરા તાલુકા વિકાસ અધિકારીને સોંપી હતી. ત્યારે આ મામલે ગોધરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાંથી કંપની દ્વારા ૧૦ કરોડ ઉપરાંતની માટી ગૌચર જમીનોને ખોદીને ચોરી કરી હોવાનું

## MCC કંપનીની માટી ચોરીમાં કલેકટર કચેરી અને ખાણ ખનિજની સંડોવણી.

ગોધરા તાલુકાના ભલાણીયા, નાની કાંટડી, વિંઝોલ ગામોથી ૧૦ હેકટર જેટલી ગૌચર જમીન માટીની ચોરી કર્યાનું તપાસમાં સામે આવ્યું. ગૌચર જમીન માંથી માટી ખોદકામ માટે ગ્રીન કોરીડોરનું નિર્માણ કરતી MCC કંપનીને જીલ્લા કલેકટર કચેરી, ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરીને આ ખાનગી કંપનીને છુટ આપવામાં આવી.

સ્પષ્ટ સામે આવ્યું છે. ત્યારે સરકારના સૌથી મોટો દિલ્હી મુંબઈ કોરીડોર રોડ બનાવવાની ઉતાવળમાં દરેક જિલ્લાનું વહીવટી તંત્ર ગેરકાયદેસર માટી ખનનને રોકવા લાચાર બની ગયેલ છે. ત્યારે વાડ જ ચીભડાં ગળે એવો ઘાટ થવા પામ્યો છે.

ત્યારે સમગ્ર મામલે પ્રશ્નો એ થાય છે કે, આ કંપનીના સંચાલકો દ્વારા કલેકટર દ્વારા પરમિશન આપવામાં આવી છે. તેમ જણાવે છે તે બાબતની રજુઆત બાદ પણ જિલ્લા કલેકટર આખી બાબતથી કેવી રીતે અજાણ રહ્યા ? હાઈવે પરથી ખનિજનું વહન કરતા વાહનનોને ઝડપી પાડવામાં આવે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાંથી આટલી મોટી માત્રામાં માટીનું ખોદકામ અને વહન કરવામાં આવ્યું ત્યારે આ મામલે ખાણ ખનીજ વિભાગ કેવી રીતે અજાણ રહ્યું ? જે પ્રકારે ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે, તે મુજબ જો ખરેખર ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તો તેમાં સંડોવાયેલ અધિકારી કર્મચારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવે કે કેમ ? હવે જ્યારે આ ખાનગી કંપની દ્વારા ગ્રામ્ય વિસ્તારની ગૌચર જમીનને નેસ્ત નાબૂદ કરવામાં આવી છે. ત્યારે આ કંપની સામે કોઈ કાર્યવાહી થશે ખરી ? ગ્રામ્ય વિસ્તારમાં ગૌચરની જમીન ખોદી નાખવામાં આવી છે. તે જમીનને ફરીથી ગૌચરણ માટે ઉપયોગી બને તેવી બનાવવામાં આવશે ખરી કે હવે આ જમીન બંજર બની જશે ?

### ગોધરા ટી.ડી.ઓ.ની તપાસમાં ૧૦ કરોડ ઉપરાંતની માટી ચોરી થયાનું સામે આવ્યું...

જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને સ્થાનિક ગ્રામજનો દ્વારા સીએમ સુધી રજુઆત કરતા તંત્ર દ્વારા ગ્રીન કોરીડોર અંતર્ગત હાઈવેની કામગીરી કરતી MCC કંપની દ્વારા ગૌચર જમીન માંથી માટી ખનનની તપાસ ગોધરા ટી.ડી.ઓ.ને સોંપાઈ હતી. તપાસ દરમિયાન ગોધરા તાલુકાના ગામો માંથી ૧૦ કરોડ ઉપરાંતની માટી ચોરી કરાઈ હોવાનું સામે આવ્યું.

### MCC કંપની દ્વારા ગૌચરની જમીનો માંથી માટી ખોદી નાખતા આવી જગ્યાએ તળાવમાં ફેરવાઈ....

દિલ્હી–મુંબઈ ગ્રીન કોરીડોર હાઈવે રોડનું નિર્માણ MCC નામની કંપનીને સોંપવામાં આવ્યું છે. MCC કંપની દ્વારા ગોધરા તાલુકાના વિવિધ ગામોની ગૌચર જમીનો ખોદીને કરોડો રૂપીયાની માટી ખનન કરવામાં આવ્યું છે. હાઈવે રોડ નિર્માણ કરતી ખાનગી કંપની દ્વારા ગૌચર જમીનોમાં એટલું ખોદકામ કરવામાં આવ્યું છે કે, ગૌચર જમીનો માંથી પાણી કુટતા તળાવમાં ફેરવાઈ ગયા છે.

## જુની પેન્શન યોજના લાગુ કરવા ૬ મે ના રોજ ગાંધીનગર વિરોધ પ્રદર્શનમાં પંચમહાલના પ્રાથ. અને માધ્યમિકના ૩૫૦૦ ઉપરાંત શિક્ષકો જોડાયા

ગોધરા,

પંચમહાલ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જૂની પેંશન યોજના લાગુ કરાવવા ૬ મે ના રોજ ગાંધીનગર ખાતે કેસરી પટ્ટી ધારણ કરનાર છે.જિલ્લા માંથી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૩૫૦૦ કરતા વધુ શિક્ષકો ધરણા માં જોડાશે અને સરકાર સામે તેમનો વિરોધ પ્રદર્શન કરશે તો નવાઈ નહી.

સંયુકત મોરચા ગુજરાત અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના આહવાન અંતર્ગત જૂની પેન્શન યોજના લાગુ કરવા ૬(છઠ્ઠી) મે ના રોજ ગાંધીનગર ખાતે યોજનાર વિશાળ ધરણાં કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રાથમિક, માધ્યમિક તેમજ આચાર્ય સંવર્ગના શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે જનાર છે. જિલ્લામાં આવેલી શાળાઓમાં ફરજ બજાવતા ૩૫૦૦ કરતા વધુ શિક્ષકો ગાંધીનગર ખાતે ધરણા કાર્યક્રમમાં જોડાશે અને હમારા મિશન પૂરાની પેંશનના નારા સાથે ધરણા પર બેસવાના છે. જેના આયોજન પેટે જિલ્લાના મુખ્ય હોદ્દેદારો સહિત દરેક તાલુકાના અદયક્ષ, મંત્રી સંગઠન મંત્રી, ઉપપ્રમુખ, સહિત દરેક હોદ્દેદારો દ્વારા ગાંધીનગર ધરણામાં જવાનું આયોજન કરેલ છે. પંચમહાલના સાત તાલુકાના મોટી સંખ્યામાં શિક્ષકો ઉત્સાહભેર આ કાર્યક્રમમાં જોડાનાર છે. રાષ્ટ્રીય સંયુકત મોરચા ગુજરાતના અદયક્ષ ભીખાભાઇ પટેલ દ્વારા ગુજરાતના કર્મચારીઓને જુનીપેન્શન યોજના જો લાગુ નઈ થાય તો ધરણા કરવામાં આવશે અને સરકારમાં જૂની પેન્શન યોજના, સાતમાં પગારપંચના લાભ, હેડ ટીચરના વધ પ્રશ્નોના ઉકેલના નીર્ધાર થી ધરણા યોજવાનું આખા ગુજરાતમાં આહવાન કરેલ છે. જેના ભાગરૂપે

પંચમહાલ જિલ્લા સંયુકત મોરચા ના સંયોજક અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અદયક્ષ અનિરૂદ્ધસિંહ સોલંકી એ જણાવેલ કે, આગામી ૬ઠી મેં ના રોજ પ્રાથમિક, માધ્યમિક તેમજ આચાર્ય સંવર્ગના શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે જનાર છે. આ કાર્યક્રમમાં ૩૫૦૦ કરતા વધુ શિક્ષકો ધરણામાં જોડાશે અને પડતર માંગણીઓને લઈને સૂત્રોચાર કરનાર છે.

સમગ્ર ગુજરાત માંથી ૫૦,૦૦૦ થી વધારે શિક્ષકો આ ધરણામાં જોડાશે અને પોતાની માંગણીને લઈને સરકાર સામે ઉગ્ર આંદોલન કરી કરશે તો નવાઈ નહીં. આ કાર્યક્રમમાં આવનાર દરેકના માથા પર કેસરી પટ્ટી અને હાથમાં પ્લે કાર્ડ લઈને જૂની પેન્શન યોજના લાગુ કરો ના નારા સાથે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં ધરણા કરશે હવે જોવાનું એ રહ્યું કે, ૬ તારીખના રોજ જૂની પેન્શન યોજનાને લઈને શિક્ષક સંઘ સરકાર સામે ધરણા કરશે ખરા? કે પછી શિક્ષકો પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે વિરોધ કરે તે પહેલા સરકાર કોઈ વચલો રસ્તો કાઢી નિકાલ કરશે કે નહીં તેના પર સૌની મીટ મંડાઈ છે. એકબાદ એક સંગઠન દ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે વિરોધ કરતા હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ બાબતની ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવે અને શિક્ષકોની જૂની પેન્શન યોજના સહિતની જે પડતર માંગણી છે. તે સ્વીકારીને વિધાનસભાની ચૂંટણી પહેલા એક ભેટ સ્વરૂપે આપવામાં આવે તેવી આશા હાલ શિક્ષકો રાખી રહ્યા છે.

## ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,ગોધરા ચેરમેનનાં હસ્તે સુખિયાપુરી પ્રાથમિક શાળાનો સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી



ગોધરા,

ગોધરા તાલુકાની સુખીયાપુરી પ્રાથમિક શાળાની સ્થાપના તા.૪.૫.૧૯૪૯ નાં રોજ કરવામાં આવી હતી અને આજે શાળાએ ૭૪ વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ દરેક શાળાઓ પોતાનો જન્મદિવસ ઉજવે તે માટે અનુરોધ કર્યો હતો. ત્યારે અમૃત મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે સુખીયાપુરી પ્રાથમિક શાળાએ પણ પોતાના સ્થાપના દિવસ ઉજવણીનો કાર્યકમ આજરોજ શાળા પરિસરમાં રાખ્યો હતો. જેમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ વી.ચૌહાણનાં વરદ્દહસ્તે શાળાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. બજાર સમિતિ ગોધરાના ચેરમેન દ્વારા શાળાના આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓ સહિત વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય અને પ્રગતિ માટે શુભકામના પાઠવી હતી અને શાળાના વિકાસ માટે સરકારમાં વિવિધ યોજનાઓ અંતર્ગત યોજનાકીય સહાય મળે તે માટે પોતે પણ વિભાગમાં ભલામણ કરશે તેમ જણાવ્યું હતું. શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યકમો અને પ્રવચનો રજૂ કરવામાં આવ્યા હતા.આ શુભ પ્રસંગે ગ્રામપંચાયત સરપંચ નયનસિંહ ચોહાણ, ડેપ્યુટી સરપંચ, પ્રવીણભાઈ એડવોકેટ, પે સેનેટરનાં આચાર્ય, સી.આર.સી. કો ઓરડીનેટર, ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી કમ મંત્રી અને શિક્ષણ વિભાગના કર્મચારીગણ અને વડીલો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરાના બામરોલી રોડ ઉપર થી પસાર થતાં વેપારીની રોકડ ભરેલ થેલીની બાઈક ઉપર આવેલ ઈસમોએ ચીલ ઝડપ કરી ફરાર

ગોધરા,

ગોધરાના બામરોલી રોડ ઉપર આવેલ હનુમાનજી મંદિર પાસેથી એકટીવા લઈ પસાર થતાં વેપારીને બાઈક ઉપર આવેલ બે અજાણ્યા ઈસમો વેપારી પાસેથી રોકડ ભરેલી થેલી અને મોબાઈલની ચીલ ઝડપ કરી નાશી છુટતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર બામરોલી રોડ વૃંદાવન નગરમાં રહેતા વેપારી દિપકકુમાર આત્મારામ બાલવાણી પોતાની ગીદવાણી રોડ પર આવેલ હોય અને ૨ મેના રોજ દુકાન બંધ કરીને દુકાનના વકરાના તેમજ વેપારીઓ ઉધારી પેટે ચુકવવાના રૂપીયા મળી ૨,૫૨,૫૦૦/–રૂપીયા તેમજ મોબાઈલ ફોન થેલીમાં મુકીને એકટીવા ઉપર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે બામરોલી રોડ હનુમાનજી મંદિર પાસે મોટર સાયકલ ઉપર આવેલ ઈસમોએ વેપારીના હાથ માંથી રોકડા રૂપીયા અને મોબાઈલ વાળી થેલી ઝુંટવી ચીલ ઝડપ કરી નાશી છુટીયા હતા. બે ઈસમો દ્વારા રોકડા રૂપીયા અને મોબાઈલ ફોનની લુંટ કરી નાશી છુટતા આ બાબતે વેપારી દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે.

## ઘોઘંબાના પાધોરા ગામે શાકભાજી સાથે ખેતરમાં વાવેલ લીલા ગાંજા ૭ કિલો સાથે આરોપીને પોલીસે ઝડપ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પાધોરા ગામનો ઈસમ પોતાના ઘરની બાજુમાં આવેલા ખેતરમાં શાકભાજીના છોડ સાથે લીલા ગાંજાનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી ૭ કિલો લીલા ગાંજા કિંમત ૭૫,૯૫૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના પાધોરા ગામે તળાવ ફળીયામાં રહેતા મોહનભાઈ રમણભાઈ નાયક પોતાના ઘરની બાજુમાં આવેલ ખેતરમાં મરચી અને રીંગણાના છોડની સાથે લીલા ગાંજાનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ખેતર માંથી લીલા ગાંજાના છોડ વજન ૭ કિલો ગ્રામ કિંમત ૭૫,૯૫૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે મોહનભાઈ નાયકને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરા ખજુરી બસ સ્ટેન્ડ પાસે ડી.જે.ના ટેમ્પોની ટકકરે સુરેલી બાઈક ચાલકનું મોત

શહેરા,

શહેરા–વાઘજીપુર રોડ ઉપર આવેલ ખજુરી બસ સ્ટેન્ડ પાસે ડી.જે. ભરેલ ટેમ્પોની ટક્કરે સુરેલી ગામના બાઈક ચાલક યુવાનનું મોત નિપજ્યુ છે. જ્યારે બાઈક ઉપર સવાર ૮ વર્ષીય બાળકને ઈજાઓ પહોંચતા નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

શહેરા તાલુકાના જૂની સુરેલી ગામના નાયક ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય રાજેશ પર્વતભાઈ નાયક તેના કાકાના છોકરા ટીનાભાઈ ચડાભાઈના ૮ વર્ષીય પુત્ર કિશનને સાથે લઈને પોતાની બાઈક નંબર જીજે ૦૬ સીક્યુ ૧૭૨૬ પર નવી સુરેલી મુકામે પોતાના કુટુંબીના ત્યાં ગયા હતા અને ત્યાંથી પરત ઘરે જવા નીકળ્યા હતા. તે સમય દરમિયાન મોડી સાંજના સમયે શહેરા–વાઘજીપુર રોડ ઉપર આવેલ ખજૂરી બસ સ્ટેન્ડ પાસે પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈને જતા ડી.જે. ભરેલ એક ટેમ્પો નંબર જીજે ૧૮ ટી ૧૫૦૮ ના ચાલકે રાજેશની બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેને લઈને બાઈક ઉપર સવાર રાજેશ નાયક અને કિશન ટીનાભાઈ નાયક બંને રોડ ઉપર પટકાયા હતા. જેમાં ૨૫ વર્ષીય રાજેશ નાયકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે તેની સાથેના કિશન નાયક નામના બાળકને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી અકસ્માત સ્થળે એકઠા થયેલ લોકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે આવી પહોંચતા ઈજાગ્રસ્ત કિશનને શહેરા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ અકસ્માતની જાણ શહેરા પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતક રાજેશના મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે શહેરા ખાતે પી.એમ. રૂમમાં મોકલી અપાયો હતો. જ્યારે અકસ્માત કરનાર ડી.જે. ભરેલ ટેમ્પોને શહેરા પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે શહેરા પોલીસ મથકે મૃતક રાજેશની બાઈકને અડફેટે લેનાર ટેમ્પો ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાય

## પંચમહાલ જિલ્લાના બે યુવકોને યુ ટ્યુબ દ્વારા સિલ્વર પ્લે બટન એવોર્ડ આપવામાં આવ્યો



મો રવા(હ),

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના સંતરોડ અને નાટાપુર જેવા નાના ગામમાં રહેતા બે યુવકો પટેલ ઉમેશકુમાર આરતસિંહ અને બારીઆ દીપકકુમાર રાજેશભાઈ એ નાની ઉંમરમાં યુ ટ્યુબ જેવા મોટા પ્લેટફોર્મમાં બંને મિત્રોના કોમેડી વિડીયો ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે. સાથે સાથે તેમની યુ ટ્યુબ ચેનલ Up Santroad Comedy છેઅને જેના સબ સ્ક્રાઇબ એક લાખથી પણ વધારે થય ગયા છે અને લોકોનો પ્રેમ બે મિલિયનથી પણ વધારે જોવા મળી રહ્યો છે. આ બને યુવકોએ ઘર, સમાજ અને ગામનું ગૌરવ વધાર્યું છે. તેઓની આ સિદ્ધિમાં મહત્વનો ફાળો મિત્રો, ફેમિલીનો હતો. આજ રોજ તે બન્ને મિત્રોને યુ ટ્યુબ તરફથી એક સિલ્વર પ્લે બટન નામનો એવોર્ડ પણ મળ્યો છે. જેભારત દેશ સિવાય બીજા દેશમાંથી આવ્યો છે અને આ એવોર્ડ પર પોતાના ગામનું નામ લખાવનાર આ બન્ને મિત્રો આજે અત્યંત ખુશ છે.